આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## ગૌતમ અદાણી ધરમપુર રાજચંદ્ર આશ્રમની મુલાકાતે

### પૂજ્ય ગુરુદેવશ્રીએ સાધના અને સેવાને જીવનનાં અભિન્ન અંગ ગણાવી માનવજીવનનાં સંસાધનો અને તકોનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરવાની પ્રેરણા આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૮ :** અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રીતિ અદાણીએ નવરાત્રીના પાવન અવસરે રવિવારે દક્ષિણ ગુજરાતમાં ધરમપુરમાં આવેલા 'શ્રીમદ રાજચંદ્ર મિશનની મુલાકાત લઈપૂજ્ય ગુરુદેવ રાકેશજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.

ગૌતમ અદાણીએ 'X'પર કરેલી પોસ્ટ પર લખ્યું, પ્રીતિ અને મેં ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં પૂજ્ય ગુરુદેવ રાકેશજી સાથે ખૂબ આધ્યાત્મિક ક્ષણો વિતાવીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. વિશ્વની સૌથી ઊંચી શ્રીમદ રાજચંદ્રજીની પ્રતિમાના ચરણ પૂજનીય ભાવે ચરણ ધોવાની પ્રક્ષાલન વિધી કરવાનો અનુભવ અત્યંત ભાવપૂર્ણ હતો. મુલાકાત દરમિયાન ગુરુદેવએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સાધના અને સેવા એકબીજા સાથે જોડાયેલાં છે. તેમણે વ્યક્તિના જીવન, સંસાધનો અને તકોનો ઉપયોગ વિશાળ જનકલ્યાણ માટે કરવા બાબત પણ માર્ગદર્શન આપ્યું હતું.

દંપતીએ આશ્રમના ધ્યાન અને આધ્યાત્મિક પ્રવચન સંકુલ જ્યાં પૂજ્ય ગુરુદેવએ માનવ જીવનના ઉદ્દેશ્ય અને આધ્યાત્મિક સાધનાના મહત્વ વિશે વાત કરી હતી. તે રાજ સભાગૃહમાં યોજાયેલા સત્સંગમાં ભાગ લીધો હતો. વધુમાં વિવિધ શૈક્ષણિક પૃષ્ઠ ભૂમિ ધરાવતા અને સામાજિક કાર્યોમાં યોગદાન આપી રહેલા મિશનના યુવા વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓ સાથે પણ અદાણીએ સંવાદ કર્યો હતો.

ડૉ. પ્રીતિ અદાણીએ 'શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વિમેનની મુલાકાત લઈ કૌશલ્ય વિકાસ, આજીવિકા અને ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમોના લાભાર્થી આદિવાસી મહિલાઓ સાથે વાતચીત કરી હતી. શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરની તેમની મુલાકાત વેળા દિવ્યાંગ બાળકોને તબીબી સાધનોના વિતરણમાં સહભાગી થયાં હતાં. તેમણે જિન મંદિરમાં ભગવાન મહાવીરની પૂજા-અર્ચના કરી હતી.

અદાણીએ મિશનની માનવતાવાદી શાખા શ્રીમદ રાજચંદ્ર લવ એન્ડ કેર સાથે સહયોગ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. ડૉ. પ્રીતિ અદાણીએ અદાણી ફાઉન્ડેશનના કાર્યો સાથે સુસંગત સંસ્થાની દ્રષ્ટિ સંભાળ પહેલમાં સહયોગ કરવાની શક્યતાઓ વિષે ચર્ચા કરી હતી. ૩૫૫ એકરમાં ફેલાયેલો શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ SRMDનું આંતરરાષ્ટ્રીય મુખ્યાલય છે. ૧૯૯૪માં ગુરુદેવશ્રી રાકેશજી દ્વારા સ્થાપિત મિશન છ ખંડોમાં ૧૪૨થી વધુ કેન્દ્રો ધરાવે છે, તે મહાત્મા ગાંધીના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે પૂજ્ય જૈન ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી પ્રેરણા લે છે અને તે શિક્ષણ શાણપણ, ધ્યાન અને નિઃસ્વાર્થ સેવા દ્વારા આંતરિક પરિવર્તન પર કેન્દ્રિત છે.

લાઈફકેર મિશન આરોગ્ય સંભાળ, શિક્ષણ, માનવતાવાદી સહાય, પ્રાણીઓની સંભાળ અને પર્યાવરણીય કલ્યાણના ક્ષેત્રમાં કામ કરે છે તે વૈશ્વિક સ્તરે લાખો જીવનને સ્પર્શ્યું છે. વર્ષના આરંભે અદાણીએ અયોધ્યા, કોલકાતાના કાલીઘાટ અને ઉત્તર ગુજરાતમાં તારંગા હિલ્સ ખાતે જૈન મંદિરની મુલાકાત લીધી હતી. ૧ મેના રોજ દંપતીએ તેમની ૪૦મી લગ્નતિથી નિમિત્તે કેદારનાથની મુલાકાત લીધી હતી.

## વાપી મનપાની કડક વેરા વસૂલાત

### ૧૭૧થી વધુ મિલકતો સીલ કરવા સાથે ૧,૧૦૦થી વધુ મિલકતધારકો પાસેથી રૂા. ૮૦ લાખથી વધુના વેરા વસૂલાત કરી

**વાપી, તા. ૧૮ :** વાપી મહાનગરપાલિકાના ઘરવેરા વિભાગ દ્વારા બાકી વેરાની વસૂલાત માટે સાત દિવસ સુધી ચલાવવામાં આવેલા મહાઅભિયાનમાં ૧,૧૦૦થી વધુ મિલકતધારકો પાસેથી રૂા. ૮૦ લાખની વસૂલાત કરવામાં આવી છે. આ દરમિયાન ૧૭૧થી વધુ મિલકતો સીલ કરવામાં આવી હતી.

મનપા કમિશનર એન. એફ. ચૌધરીના આદેશથી ટેક્સ વિભાગના હેડ કલાર્ક રાકેશ ઠક્કરની આગેવાનીમાં કર્મચારીઓની ટીમોએ કાર્યવાહી હાથ ધરી હતી. ગોદાલનગર, ચલા અને ડુંગરામાં ત્રણ બંગલા, જ્યારે વિવિધ વિસ્તારોમાં ૧૩૨ રૂમ, ૫૬ ફલેટ, ૨૮ દુકાન-ઓફિસ અને ચાર ગોડાઉન સીલ કરવામાં આવ્યાં હતાં.

કાર્યવાહી દરમિયાન ૨૧ ચાલી માલિકોએ સ્થળ પર જ વેરો ભર્યો હતો. જ્યારે ૬૦થી વધુ મિલકતધારકોએ ઓનલાઈન રૂ. ૧૮ લાખ જમા કરાવ્યા હતાં. ૧૪ સપ્ટેમ્બરના રોજ એક જ દિવસમાં રૂ. ૩૩.૫૨ લાખની વસૂલાત નોંધાઈ હતી.

## વાપીમાં વાહનચાલકો બેફામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી શહેર અને આસપાસના વિસ્તારોમાં બેફામ વાહનચાલકોના કારણે માર્ગ અકસ્માતોની સમસ્યા ગંભીર બની રહી છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક રસ્તાઓ પર બેફામ દોડતાં બાઈક, રિક્ષા, ટેમ્પો, ટ્રક અને ટેન્કર જેવા વાહનોને કારણે રાહદારીઓ અને અન્ય વાહનચાલકોની સુરક્ષા સામે જોખમ ઊભું થયું છે. માર્ગ અકસ્માતોમાં લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હોવાની તેમજ કેટલાક કિસ્સાઓમાં જીવ ગુમાવવો પડતો હોવાની ચિંતાજનક સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. વાપી શહેરમાં વાહનોની વધતી સંખ્યા અને ટ્રાફિકની સ્થિતિ વચ્ચે વાહનચાલકોની બેદરકારી સમસ્યાને વધુ ગંભીર બનાવી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ, ટ્રાફિક પોલીસ અને વાપી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા સંકલિત કામગીરી હાથ ધરવાની જરૂરિયાત જણાઈ રહી છે. શહેરના અકસ્માત વિસ્તારોમાં વૈજ્ઞાનિક અભ્યાસના આધારે સ્પીડ બ્રેકર લગાવવા, જરૂરી સ્થળોએ ગતિમર્યાદાનાં બોર્ડ મૂકવા તેમજ બેફામ વાહન ચલાવતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે. ખાસ કરીને ભારે વાહનોની અવરજવર ધરાવતા માર્ગો પર નિયમોનું કડક પાલન કરાવવામાં આવે તો અકસ્માતોની સંખ્યામાં ઘટાડો લાવી શકાય તેમ છે.

## સેલવાસમાં દુર્ગાપૂજાનો માહોલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૮ :** શહેરમાં દુર્ગાપૂજાને લઈને શ્રદ્ધા અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ગુલમોહર વિસ્તારમાં યાત્રી નિવાસ નજીક તેમજ પીપરીયામાં દુર્ગાપૂજાના આયોજનો દ્વારા ભક્તો મા દુર્ગાની આરાધના સાથે ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જોડાઈ રહ્યા છે.

યાત્રી નિવાસ નજીક ગુલમોહર વિસ્તારમાં દુર્ગાપૂજાનું આયોજન સ્થાનિક શ્રદ્ધાળુઓ માટે ધાર્મિક આસ્થાનું કેન્દ્ર બન્યું છે. બીજી તરફ, પીપરીયામાં પણ દુર્ગાપૂજાના માધ્યમથી ભક્તિભાવ અને પરંપરાગત ધાર્મિક સંસ્કૃતિની ઝલક જોવા મળી રહી છે. દુર્ગાપૂજા હિંદુ ધર્મના મુખ્ય તહેવારોમાંનો એક છે. આ પર્વ મહિષાસુર પર મા દુર્ગાના વિજય અને અસત્ય પર સત્ય તથા અનિષ્ટ પર સદાચારના વિજયનું પ્રતીક માનવામાં આવે છે. આ પ્રસંગે ભક્તો મા દુર્ગાની પૂજા-અર્ચના કરીને સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. સેલવાસમાં આવા ધાર્મિક આયોજનો માત્ર આસ્થાની અભિવ્યક્તિ જ નહીં, પરંતુ સામાજિક એકતા અને સાંસ્કૃતિક પરંપરાઓને જાળવી રાખવાનું માધ્યમ પણ બને છે.















## પાલગભાણ શાળામાં શિક્ષકનો નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૧૮ :** ભીનાર ગામના વતની અને પડોશના ગામ પાલગભાણની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે લાંબી શૈક્ષણિક સેવા આપનાર દીપકકુમાર રંગજીભાઈ પટેલની નિવૃત્તિ નિમિત્તે શનિવારે એમનો ભવ્ય સન્માન-વિદાય સમારંભ યોજાયો. શિક્ષણમાં પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવવાની સાથે ગામ અને આસપાસના વિસ્તારમાં કેળવણીનો પ્રસાર, પુસ્તકાલય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન, વાંચનસંસ્કૃતિનો વિકાસ તથા વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે જાગૃતિ કેળવવા માટે સતત કાર્યરત રહેલા દીપકભાઈના યોગદાનને આ પ્રસંગે બિરદાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ તેમની નિષ્ઠા, સેવાભાવ, શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સમાજલક્ષી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે નવસારી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ કાર્યાધ્યક્ષ ચીમનભાઈ વી. પટેલના પ્રમુખસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં ધારાસભ્ય અનંત પટેલ, ડેપ્યુટી કલેક્ટર પૂર્વ પ્રાંત અધિકારી ડી.આઈ. પટેલ, નવસારી જિલ્લા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી નવીનભાઈ પટેલ, વાંસદા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.ડી. દેસલે, પાલગભાણનાં સરપંચ અંજનાબેન ગામીત, ભીનારના સરપંચ જીતેન્દ્ર પટેલ, ચીખલી સરકારી સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જે.બી. પટેલ વગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી. દીપક પટેલની ૩૮ વર્ષની યશસ્વી કેળવણીસેવાને બિરદાવતો સ્મૃતિગ્રંથ પ્રો. મોહનભાઈ પટેલ દ્વારા સંપાદિત કરવામાં આવ્યો જેનું વિમોચન સદગુરુ હાઈસ્કુલ ભીનારના પૂર્વ અધ્યાપક અમૃતભાઈ આર. પટેલ, નેત્રંગ હાઈસ્કુલના પૂર્વ અધ્યાપક ભીખુભાઇ ડી. પટેલ અને વન વિદ્યાલય આંબાબારીના જયંતભાઈ વી. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

કેળવણી ક્ષેત્રના અનેક મહાનુભાવો અને પાલગભાણ તથા આસપાસ ગામના આગેવાનો, બાળકો, વાલીઓ શિક્ષણ તથા સામાજિક અને ગ્રામ્યજીવન સાથે સંકળાયેલા અગ્રણીઓ, શિક્ષકમિત્રો, ગ્રામજનો તથા શુભેચ્છકોએ મોટી સંખ્યામાં હાજરી આપીને દીપકભાઈને શુભકામનાઓ પાઠવી હતી.

## નવસારી કૃષિ યુનિવર્સિટીમાં 'મહિલા કિસાન દિવસ'એ તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા. ૧૮ :** આત્મા પ્રોજેક્ટ અને પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, નવસારી દ્વારા મહિલા કિસાન દિવસ, આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ ૨૦૨૬ તથા નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે મહિલા સશક્તિકરણ અને જાગૃતિ અર્થે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં નવસારી, જલાલપોર અને ગણદેવી તાલુકામાંથી આશરે ૨૫૦ જેટલી મહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞ વૈજ્ઞાનિકો અને ઉચ્ચ અધિકારીઓએ પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો, પશુપાલન અને પાક સંરક્ષણ અંગે ગહન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પ્રાકૃતિક ખેતીના મહત્વ પર ભાર મૂકતા વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે રાસાયણિક ખેતીને બદલે પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનની ફળદ્રુપતા સચવાઈ રહે છે અને ઉત્પાદન ખર્ચ ઘટતા ખેડૂતો આર્થિક રીતે વધુ સમૃદ્ધ બને છે. આ ઉપરાંત પાક મૂલ્યવૃદ્ધિ દ્વારા મહિલાઓ ગૃહ ઉદ્યોગ શરૂ કરીને આત્મનિર્ભર બની શકે તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન નવી દિલ્હી ખાતેથી વિકસિત કૃષિ અને વિકસિત ભારતના નિર્માણમાં મહિલા ખેડૂતોની ભૂમિકા વિષય પર આયોજિત રાષ્ટ્રીય કાર્યક્રમનું સીધું પ્રસારણ બતાવવામાં આવ્યું હતું. તાલીમના અંતે ઉપસ્થિત તમામ મહિલા કસાનોએ પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓને પોતાના ખેતરોમાં અપનાવીને દેશના કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસમાં અગ્રણી યોગદાન આપવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ડાંગ જિલ્લામાં વરસાદ ખેંચાતાં પાકને નુકશાન

### અછતગ્રસ્ત જાહેર કરી તાત્કાલિક વળતર આપવા તાલુકા પંચાયત સભ્ય રાકેશ પવારની રાજ્યના કૃષિ મંત્રીને રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા. ૧૮ :** ડાંગ જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાના આખરી તબક્કામાં છેલ્લા એક મહિનાથી પણ વધુ સમયથી વરસાદ બિલકુલ બંધ થઈ જતાં અને અનાવૃષ્ટિ જેવી વિષમ પરિસ્થિતિ સર્જાતાં જિલ્લાના ગરીબ અને આદિવાસી ખેડૂતો તેમજ પશુપાલકો ગંભીર આર્થિક સંકટમાં મુકાયા છે. સિંચાઈની પૂરતી સુવિધાઓથી વંચિત એવા આ ડુંગરાળ ક્ષેત્રમાં સમગ્ર ખેતી સંપૂર્ણપણે ચોમાસાના વરસાદ પર જ નિર્ભર રહે છે. વરસાદના અભાવે નદીઓ, નાળાં અને કૂવાઓના જળસ્તર ઝડપથી નીચે જવાથી આગામી દિવસોમાં ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી અને પશુઓ માટે ઘાસચારાની પણ ભારે અછત સર્જાય તેમ છે. આ ગંભીર અને વિષમ પરિસ્થિતિને ધ્યાને લઈ આહવા તાલુકા પંચાયતના સદસ્ય અને પૂર્વ યુવક કોંગ્રેસ પ્રમુખ રાકેશભાઈ ભરતભાઈ પવાર દ્વારા ડાંગ જિલ્લા કલેક્ટર મારફતે રાજ્યના માનનીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીને સંબોધીને એક આવેદનપત્ર પાઠવી તાત્કાલિક રાહત પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં કરવામાં આવેલી મુખ્ય માંગણીઓની વાત કરીએ તો, ૧. સંયુક્ત સર્વે હાથ ધરવોઁ ડાંગ જિલ્લાના આહવા, સુબિર અને વઘઈ તાલુકાના તમામ અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ અને મહેસૂલ વિભાગ દ્વારા તાત્કાલિક સંયુક્ત સર્વે (Crop Damage Survey) કરાવવામાં આવે.૨. અછતગ્રસ્ત જાહેર કરવું વરસાદ ખેંચાવાથી થયેલા વ્યાપક નુકસાનને ધ્યાને લઈ ડાંગ જિલ્લાને સત્તાવાર રીતે અછતગ્રસ્ત (Drought-affected) જાહેર કરવામાં આવે અથવા વિશેષ કૃષિ રાહત પેકેજની જાહેરાત કરાય.૩. તાત્કાલિક વળતર ચૂકવવું પાક નિષ્ફળ ગયેલ ખેડૂતોને SDRFના ધોરણો અને સરકારી નિયમોનુસાર હેક્ટર દીઠ યોગ્ય આર્થિક સહાય તથા પાક વીમાનું વળતર ત્વરિત ચૂકવવામાં આવે.૪. ધિરાણ રાહતઁ ખેડૂતોના કૃષિ ધિરાણ/લોનના હપ્તા પાછા ઠેલવવામાં આવે તથા વ્યાજ માફી અંગે સકારાત્મક નિર્ણય લેવામાં આવે.૫. ઘાસચારા ડેપો શરૂ કરવોઁ પશુપાલકોની સ્થિતિને ધ્યાનમાં રાખીને તાલુકા મથકોએ નિ:શુલ્ક ઘાસચારા ડેપો તાત્કાલિક શરૂ કરવામાં આવે. રાકેશ પવારે આવેદનપત્રના અંતે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, જો સરકાર દ્વારા આદિવાસી ખેડૂતોના હિતમાં તાત્કાલિક સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો સ્થાનિક ખેડૂતોને સાથે રાખીને ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે અને જરૂર પડ્યે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવા માટે પણ તૈયાર છીએ.

## બીલીમોરાની બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગરબા મહોત્સવની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૧૮ :** બીલીમોરા સ્થિત બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલ પરિસરમાં નવરાત્રિ પર્વ નિમિત્તે શુક્રવારે ગરબા મહોત્સવની ભવ્ય અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લેતાં વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત બેસ્ટ ગરબા ડ્રેસ અને બેસ્ટ એક્શન સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં રાસ-ગરબામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે શાળા ટ્રસ્ટના પ્રમુખ ડૉ. સૂર્યકાંત પટેલ તથા સેક્રેટરી નીના મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિજેતાઓને બિરદાવી સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓના સુંદર આયોજનની સરાહના કરી હતી. આ ઉપરાંત ટ્રસ્ટી મંડળે શાળા પરિવારને નવરાત્રિ પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

## બીલીમોરામાં રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધા સંપન્ન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા , તા.૧૮ :** બીલીમોરા સ્થિત વી. એસ. પટેલ કોલેજના મેદાન ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, નવસારીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી ૭૦મી અખિલ ભારતીય રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનું શુક્રવારે સમાપન થયું હતું. આ સ્પર્ધામાં સમગ્ર રાજ્યના ૩૨ જિલ્લાઓની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અન્ડર-૧૪, ૧૭ અને ૧૯ બહેનોના વિવિધ વિભાગોમાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતકૌશલ્ય દાખવ્યું હતું, જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન સાથે અમરેલીની ટીમ પ્રથમ, બોટાદ દ્વિતીય અને ભાવનગર ગ્રામ્યની ટીમ તૃતીય સ્થાને રહી વિજેતા બની હતી.

આ પ્રસંગે ચીખલી પ્રાંત અધિકારી, ગણદેવી મામલતદાર દિપીકાબેન રોઝ, હેન્ડબોલ એસોસિએશન પ્રમુખ ડૉ. સનમ પટેલ તેમજ જિલ્લા રમતગમત અધિકારી અલ્પેશ પટેલ સહિતના મહાનુભાવો અને રમત જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિજેતા ટીમોને બિરદાવી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કર્યા હતાં. ખેલાડીઓ માટે મેડિકલ અને ફિઝિયોથેરાપી જેવી ઉત્તમ વ્યવસ્થાઓ વચ્ચે સુચારુ આયોજન સાથે ટુર્નામેન્ટ સંપન્ન થતાં સમગ્ર પંથકના ખેલપ્રેમીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## વઘઈ તા.પં.માં નરેગાનું પેમેન્ટ એજન્સીને ન ચુકવાતા મજુરોની સ્થિતિ કફોડી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા. ૧૮ :** ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) હેઠળ મજૂરી કામ કરતા ગરીબ અને આદિવાસી મજૂરો અત્યારે ભારે આર્થિક સંકટમાં મુકાયા છે. મળતી માહિતી મુજબ, વઘઈ તાલુકા પંચાયત દ્વારા નરેગા યોજના હેઠળ કામ કરી ચૂકેલા મજૂરોના મહેનતાણાની રકમ અમૂલ્ય એસોસિએટ નામની એજન્સીના બેંક ખાતામાં જમા કરાવી દેવામાં આવી છે. જોકે, સરકારી સ્તરેથી નાણાં ટ્રાન્સફર થઈ ગયા હોવા છતાં, આ એજન્સી દ્વારા મજૂરોના ખાતામાં અથવા હાથ પર ચૂકવવાની થતી રકમ સમયસર ન ચૂકવાતાં સ્થાનિક શ્રમિકોમાં ભારે રોષ અને અસંતોષ વ્યાપી ગયો છે.પોતાના પરસેવાની કમાણી અને કાયદેસરનું પેમેન્ટ મેળવવા માટે શ્રમિકોને તાલુકા પંચાયત અને એજન્સીના ધક્કા ખાવાની વારંવાર ફરજ પડી રહી છે. આદિવાસી અને અત્યંત ગરીબ પૃષ્ઠભૂમિ ધરાવતા આ મજૂરો માટે દૈનિક રોજીરોટી જ જીવનનિર્વાહનો મુખ્ય આધાર હોય છે, ત્યારે લાંબા સમયથી મજૂરીનું પેમેન્ટ ન મળવાના કારણે તેમના પરિવારના પાલનપોષણ, બાળકોના શિક્ષણ અને રોજિંદા ઘરખર્ચ ચલાવવામાં ભારે વિષમ પરિસ્થિતિ નિર્માણ પામી છે. સ્થાનિકો અને શ્રમિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે સરકારી તંત્ર અને વઘઈ તાલુકા પંચાયત આ બાબતે તાત્કાલિક હસ્તક્ષેપ કરે, અમૂલ્ય એસોસિએટ એજન્સી સામે કડક કાર્યવાહી હાથ ધરે અને અટવાયેલું મનરેગાનું પેમેન્ટ વહેલી તકે મજૂરોના ખાતામાં જમા કરાવે તેવી માંગ ઉઠી છે.

## બીલીમોરાની વી. એસ. પટેલ કોલેજમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૧૮ :** બીલીમોરાની વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ ખાતે સાંસ્કૃતિક સમિતિ દ્વારા શનિવારે નવરાત્રિ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું હતું. માં આદ્યશક્તિની મહાઆરતી બાદ સમગ્ર કોલેજ પરિવારે ગરબે ઘૂમી આરાધના કરી હતી. મહોત્સવ અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં બેસ્ટ એક્શનમાં કેવલ (ગર્લ્સ) અને રુત્વિક પટેલ (બોયઝ) તથા બેસ્ટ ડ્રેસમાં સંજના પ્રજાપતિ (ગર્લ્સ) અને હર્ષ પટેલ (બોયઝ) પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા. પ્રોફેસરો, સાંસ્કૃતિક સમિતિ તથા સ્ટાફ પરિવારના સહયોગથી સમગ્ર કાર્યક્રમ ખૂબ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.આ પ્રસંગે બીલીમોરા કેળવણી મંડળના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નરેશભાઈ નેમાણી, મંત્રી ઉદયભાઈ પટેલ તથા ઈન્ચાર્જ આચાર્ય ડો. એ. આર. બજાજ ઉપસ્થિત રહ્યા હતાં.

## સરીખુરદમાં આયુષ મેગા કેમ્પ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૧૮ :** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામક આયુષ કચેરી ગાંધીનગરની પ્રેરણાથી અને જિલ્લા આયુર્વેદ અધિકારી ડો. કાજલ મઢીકરના માર્ગદર્શન હેઠળ આર.એન. નાયક સાર્વજનિક હાઈસ્કૂલ-સરીખુરદ ખાતે આયુર્વેદ શાખા, નવસારી દ્વારા મેગા સર્વરોગ આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન-સારવાર કેમ્પ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના ગીતથી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અધ્યક્ષ તુષારભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય રેખાબેન પટેલ, મનીષભાઈ પટેલ સહિત સ્થાનિક સરપંચો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. મહાનુભાવોએ સાંપ્રત સમયમાં આયુર્વેદિક જીવનશૈલી અપનાવી નિરોગી રહેવા ભાર મૂક્યો હતો. જનજાગૃતિ અર્થે વિદ્યાર્થીઓ અને આયુષ સ્ટાફ દ્વારા સ્વસ્થ જીવનશૈલી સૂત્રો સાથે રેલી પણ કાઢવામાં આવી હતી. કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથી પદ્ધતિથી રોગોનું નિદાન, વિનામૂલ્યે ઔષધ વિતરણ, દિનચર્યા-ઋતુચર્યા માર્ગદર્શન, પ્રકૃતિ પરીક્ષણ, જીરિયાટ્રિક ઓપીડી, ઔષધીય વનસ્પતિ પ્રદર્શન તેમજ યોગ ઈન્સ્ટ્રક્ટર દ્વારા યોગાસન પ્રદર્શન યોજાયું હતું. આ મેગા કેમ્પનો આસપાસના ગ્રામજનોએ ઉત્સાહભેર લાભ લીધો હતો, જેમાં કુલ ૩૪૨ દર્દીઓની તપાસ કરી જરૂરી સારવાર અને દવાઓ આપવામાં આવી હતી.

## નવસારીમાં નવરાત્રી પર્વે મહિલાઓ અને યુવતીઓને સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા. ૧૮ :** નવરાત્રિ પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓમાં સુરક્ષા અંગે જાગૃતિ લાવવા તથા કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં યોગ્ય મદદ મળી રહે તેવા હેતુથી નવસારીની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમ દ્વારા નવસારીના આદર્શ નગર ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન મહિલાઓ અને યુવતીઓને છેડતી, હેરાનગતિ તેમજ અન્ય મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોતાની સુરક્ષા જાળવવા માટે જરૂરી સાવચેતી રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ, કોઈપણ પ્રકારની મુશ્કેલી કે સંકટના સમયે ગભરાયા વિના યોગ્ય સહાય મેળવવા માટે જાગૃત રહેવા સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિલાઓને મદદરૂપ થતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, તાત્કાલિક કટોકટીની પરિસ્થિતિમાં પોલીસ સહાય મેળવવા માટે ૧૧૨ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવા અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતાં. નવરાત્રિ જેવા તહેવારો દરમિયાન મહિલાઓ અને યુવતીઓ સુરક્ષિત વાતાવરણમાં ઉત્સવની ઉજવણી કરી શકે અને કોઈપણ અણબનાવ કે મુશ્કેલીના સમયે સમયસર સહાય મેળવી શકે તે હેતુથી આવા જાગૃતિ કાર્યક્રમોનું વિશેષ મહત્ત્વ છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન, નવસારીની ટીમ મહિલાઓની સુરક્ષા, સન્માન અને સહાય માટે હંમેશાં પ્રતિબદ્ધ છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૯-૧૦-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** આસો સુદ, આઠમ, **સૂર્યોદય :** ૦૬ : ૪૨ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૭, **ચંદ્રોદય** - ૦૧:૫૧ **ચંદ્રાસ્ત** - ૧૨:૫૮ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - ઉત્તરઅષાઢા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમે નવું કાર્ય શરૂ કરી શકો છો. વેપારમાં વૃદ્ધિ અને અચાનક ધનલાભની સંભાવના છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે અને તમને કોઈ અટકેલા નાણાં પાછા મળી શકે છે.
**વૃષભ (બ, વ, ઉ) :** આ રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. નોકરીમાં સાનુકૂળ વાતાવરણ મળશે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને બિનજરૂરી ખર્ચ ટાળવો.
**મિથુન (ક, ઘ, ચ) :**વેપારમાં નવી તકો મળશે. આજે કોઈ અજાણ્યા પર વિશ્વાસ ન કરવો. સામાજિક માન-સન્માન વધશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.
**કર્ક (ડ, હ) :** આજે તમારા અટકેલા કામ પૂરા થશે. માનસિક શાંતિનો અનુભવ કરશો. નોકરી કરતા લોકો માટે પ્રગતિના રસ્તા ખુલશે. પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે.
**સિંહ (મ, ટ) :** તમારી આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વેપારમાં અણધાર્યો લાભ થવાની સંભાવના છે. કાર્યસ્થળ પર તમારી જવાબદારીઓ વધી શકે છે.
**કન્યા (પ, ઠ, ણ) :** આજે તમને ધાર્યું પરિણામ મળશે. આવકના સાધનો મજબૂત બનશે. પરિવારમાં કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું.
**તુલા (ર, ત) :** વેપારમાં લાભ અને પ્રગતિની તકો મળશે. આકસ્મિક આર્થિક લાભ થવાની સંભાવના છે. વાહન કે મિલકત ખરીદીના યોગ બની રહ્યા છે.
**વૃશ્ચિક (ન, ય) :** આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદ્રુપ રહેશે. કાર્યક્ષેત્રે મહેનતનું યોગ્ય ફળ મળશે. ઉચ્ચ શિક્ષણની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સારા સમાચાર મળી શકે છે.
**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક રીતે તમે સુરક્ષિત રહેશો. પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે.
**મકર (ખ, જ) :** આજે તમને ધાર્યા પરિણામો મળશે. અચાનક કોઈ સારા સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં પ્રશંસા મળશે. વેપારમાં સારો નફો થશે.
**કુંભ (ગ, સ, શ, ષ) :** વેપારમાં જૂના ગ્રાહકોનો સહયોગ મળશે. નોકરીમાં જવાબદારીઓ વધી શકે છે. ખર્ચ વધી શકે છે, તેથી બચત પર ધ્યાન આપવું.
**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મન શાંત રહેશે. આર્થિક લાભની તકો મળશે. પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 3 | | | | | 2 |
| 8 | | 4 | | | | 3 | | 5 |
| | 6 | | 4 | | 9 | | 8 | |
| 1 | | | | 6 | | | | 3 |
| | | | 8 | | 1 | | | |
| 5 | | | | 4 | | | | 9 |
| | 7 | | 6 | | 3 | | 2 | |
| 3 | | 5 | | | | 9 | | 4 |
| 6 | | | | 8 | | | | 7 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 2 | 7 | 8 | 3 | 6 | 1 | 9 |
| 9 | 3 | 1 | 6 | 4 | 2 | 5 | 7 | 8 |
| 6 | 7 | 8 | 5 | 9 | 1 | 4 | 2 | 3 |
| 5 | 2 | 4 | 9 | 1 | 7 | 3 | 8 | 6 |
| 1 | 8 | 3 | 4 | 5 | 6 | 7 | 9 | 2 |
| 7 | 6 | 9 | 2 | 3 | 8 | 1 | 5 | 4 |
| 3 | 1 | 7 | 8 | 2 | 4 | 9 | 6 | 5 |
| 2 | 4 | 5 | 1 | 6 | 9 | 8 | 3 | 7 |
| 8 | 9 | 6 | 3 | 7 | 5 | 2 | 4 | 1 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Monday 19, October 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## કલસર અને કિકરલામાં રૂા. ૪૭૫ લાખના ૭ રસ્તાઓનું ખાતમુર્હત કરાયું

### રૂ. ૨૫ લાખના ખર્ચે નિર્માણ થયેલા કલસર ગ્રામ પંચાયત ભવન અને તલાટી કમમંત્રી આવાસનું લોકાર્પણ પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૮ :** રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે પારડી તાલુકાના કલસર અને કિકરલા ગામમાં રૂ. ૪૭૫ લાખના ખર્ચે બનનારા સાત રસ્તાનું ખાતમુહૂર્ત અને રૂ. ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામેલુ કલસર ગ્રામ પંચાયત ભવન કમ તલાટી કમમંત્રી આવાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, લોકશાહી દેશમાં ગામડાના વિકાસ માટે ગ્રામ પંચાયત ખૂબ જ આશીવાદરૂપ ગણાય છે. દેશની જનતાને નરેન્દ્રભાઈ મોદીના સબળ નેતૃત્વ પર સંપૂર્ણ વિશ્વાસ છે. કિકરલા અને કલસર ગામે પણ હંમેશા વિકાસને જ -ધાન્ય આપ્યુ છે જેથી આ બંને ગામનો આભાર માનુ છું. આ સાથે મંત્રી કનુભાઈએ સૌને નવરાત્રિ પર્વની સાથે આગામી દશેરા અને દિવાળી પર્વની પણ શુભેચ્છા પાઠવી હતી. વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન ખાતાના કાર્યપાલક ઈજનેર ભાવેશ પટેલે વિકાસના કામોની રૂપરેખા આપતા જણાવ્યું કે, રૂ. ૧૭૫ લાખના ખર્ચે કલસર ગામમાં ચાર રોડ બનશે અને કિકરલા ગામમાં રૂ. ૩૦૦ લાખના ખર્ચે ૩ રોડ મંજૂર કરવામાં આવશે. આજે આ બંને ગામોના રોડના વિકાસની નવી કડી જોડાઈ રહી છે. રસ્તા માત્ર અવર જવરનું માધ્યમ નથી પરંતુ આર્થિક વિકાસ, વેપાર - ધંધા, શિક્ષણ અને આરોગ્ય તેમજ જનસુવિધાને વેગ આપે છે. આ પ્રસંગે પારડી તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરીબેન પટેલ, જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલ, વાપી મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ પટેલ, પારડી તાલુકા સંગઠનના પ્રમુખ પુનિત પટેલ, પારડી તાલુકા સંગઠનના માજી પ્રમુખ મહેશભાઈ દેસાઈ અને વાપી શહેર સંગઠન પ્રમુખ મનિષ દેસાઈ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ ગામના સરપંચ મનોજભાઈએ કરી હતી.

## વાપીમાં 'રક્તસેવક બાઈક રાઈડ-૨૦૨૬'નું સ્વાગત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** સમગ્ર ગુજરાતના ૩૪ જિલ્લામાં જનજાગૃતિ ફેલાવવાના હેતુથી ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલી સંકલ્પ યાત્રાના ભાગરૂપે શનિવારે વાપીની શ્રેયસ મેડિકેર જનસેવા હોસ્પિટલ ખાતે 'રક્તસેવક બાઈક રાઈડ-૨૦૨૬'નું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. બપોરે ૧ વાગ્યે યોજાયેલા આ કાર્યક્રમમાં રક્તદાન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપતા સેન્ચ્યુરિયન ડોનર ડૉ. મનીષભાઈ વિડઝા અને મહેન્દ્રભાઈ પટેલનું સ્વાગત કરી તેમના સેવાકાર્યને બિરદાવવામાં આવ્યું હતું.

આ બાઈક રાઈડનું આયોજન વલસાડ રક્તદાન કેન્દ્ર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, વલસાડ દ્વારા કરવામાં આવ્યું છે. હોસ્પિટલની મુલાકાત દરમિયાન ડૉ. મનીષભાઈ વિડઝાએ હોસ્પિટલના મેનેજમેન્ટ, તબીબો અને કર્મચારીઓની કામગીરીની પ્રશંસા કરી હતી. આ સાથે રક્તદાનની પ્રક્રિયા અને તેના મહત્ત્વ અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું.

આ પ્રસંગે શ્રેયસ મેડિકેર જનસેવા હોસ્પિટલના પ્રમુખ નિમિષ વશી, મેનેજિંગ ટ્રસ્ટી સુરેખ દેસાઈ અને મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે રક્તદાન માનવતાની ઉત્તમ સેવા છે. હોસ્પિટલના બ્લડ સ્ટોરેજ સેન્ટર દ્વારા પણ જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્તની સુવિધા ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

## ભેંસરોલમાં સુકન્યા સમૃદ્ધિ યોજના માટે ૯ દિકરીઓના ખાતા ખોલાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૮ :** ભેંસરોટ ગ્રામ પંચાયતના સરપંચ સવિતાબેન ભરતભાઈ પટેલે દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય અને આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એક પ્રેરણાદાયી પહેલ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા સેતુ કાર્યક્રમના ભાગ રૂપે, તેમણે ગામની નવ દીકરીઓના નામે પોસ્ટ ઓફિસમાં સુકન્યા સમૃદ્ધિ યોજનાના ખાતા ખોલાવ્યા. સરપંચે દરેક દીકરીના ખાતામાં દર મહિને ૨૫૦ જમા કરાવવાનું વચન આપ્યું છે.

૧૭ ઓક્ટોબરના રોજ, ભેંસરોટ ગ્રામ પંચાયત કચેરી ખાતે આયોજિત એક ખાસ કાર્યક્રમ દરમિયાન, સરપંચ સવિતાબેન પટેલે નવ દીકરીઓને કુમકુમ તિલક લગાવ્યું અને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી. આ પ્રસંગે તેમણે વ્યક્તિગત રીતે દીકરીઓને સુકન્યા સમૃદ્ધિ યોજના પાસબુક પણ સોંપી. પાસબુક મળવાનો આનંદ દીકરીઓ અને તેમના પરિવારોના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો.

આ કાર્યક્રમમાં દમણ જિલ્લા ભાજપ પ્રમુખ અને પંચાયત સભ્ય ભરતભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સરપંચના સેવાભાવી પ્રયાસની પ્રશંસા કરી હતી. ડેપ્યુટી સરપંચ પિંકીબેન અને પંચાયત સભ્યો ભાવિકાબેન, નલિનીબેન, યોગેશભાઈ અને મહેશભાઈ પણ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે સરપંચ સવિતાબેન પટેલે જણાવ્યું હતું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય ગામની દીકરીઓને આર્થિક સુરક્ષા પૂરી પાડવાનો અને તેમના ઉજ્જવળ ભવિષ્યમાં યોગદાન આપવાનો છે. આજે કરેલી નાની બચત ભવિષ્યમાં તેમના ઉચ્ચ શિક્ષણ અને લગ્ન જેવા મહત્વપૂર્ણ પ્રસંગો માટે ઉપયોગી સાબિત થઈ શકે છે.

તેમણે કહ્યું કે તેમનો સંકલ્પ છે કે દીકરીઓ આત્મનિર્ભર અને સુરક્ષિત બને અને આ જ તેમના માટે સાચી સમાજ સેવા છે.

સરપંચની આ પહેલ દીકરીઓના સશક્તિકરણ, બચત અને સામાજિક જવાબદારી તરફ એક પ્રેરણાદાયી ઉદાહરણ તરીકે ઉભરી આવી છે.

## દમણમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૮ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના શિક્ષણ વિભાગ, દમણ દ્વારા માં ફાઉન્ડેશનના સહયોગથી ૧૭ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ નાની દમણ સ્થિત સ્વામી વિવેકાનંદ ઑડિટોરિયમ ખાતે ધોરણ ૧૦થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દમણની વિવિધ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ૭૧૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન શિક્ષણ નિયામક સુશ્રી મહિમા તોમરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા શરૂ કરવામાં આવેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ ધરમભાઈ પટેલ, દમણ મ્યુનિસિપલ કાઉન્સિલનાં પ્રમુખ દીપિકા ટંડેલ તથા દમણ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ મુકેશ ગોસાવી ઉપસ્થિત રહ્યા હતા. તેમની ગરિમામય ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.

શિક્ષણ વિભાગ, દમણ તરફથી સહાયક શિક્ષણ નિયામક (વહીવટ) રાજેશ હલપતિ, સહાયક શિક્ષણ નિયામક (જિલ્લા પંચાયત) હરિન્દ્ર પાઠક, એમ.આઈ.એસ. સંયોજક શ્વેતલ પટેલ, બી.આર.સી.સી. દમણ ભાવિની દેસાઈ તથા વિભાગના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલ દ્વારા આવો ઉપયોગી અવસર પૂરો પાડવા બદલ સૌએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વલસાડમાં રક્તસેવક બાઇક રેલીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

### તા. ૧ ઓક્ટોબરના રોજ સાબરમતીથી નીકળેલી રેલી કેવડીયા પહોંચશે, ૩૧ દિવસમાં ૩૪ જિલ્લામાં ૫૦૦૦થી વધુ કિમીની યાત્રા કરશે



(દમણગંગા ટાઈમ્સ)

વલસાડ, તા. ૧૮ : રક્તદાનની જરૂરીયાતને પહોંચી જનજાગૃતિ માટે વલસાડમાં 'સેવા મેરા યોગદાન' અંતર્ગત કલેકટર કચેરી ખાતેથી રક્તસેવક બાઈક રેલીને જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લાના ધારાસભ્ય સર્વ રમણલાલ પાટકર, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, જિલ્લા કલેકટર નિતિન સાંગવાન અને પદ્મશ્રી ડો. યઝદી ઈટાલિયાએ લીલીઝંડી આપી -સ્થાન કરાવી હતી. આ રેલી દ્વારા ૧૦૦ સ્વૈચ્છિક રક્તદાન, માર્ગ સલામતી, થેલેસેમિયા-સિકલ સેલ નિવારણ, એનિમિયા નાબૂદી અને હાઈબ્રીડ બિયારણને કારણે થતા કેન્સરને રોકવા જાગૃતિનો સંદેશ જનજન સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

ગુજરાત રાજ્ય ફેડરેશન ઓફ બ્લડ બેંકના પ્રમુખ ડો મનીષ વિડજા એ જણાવ્યું કે, ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની ઈ-રકતકોષ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ભારતભરમાં જરૂરીયાતમંદ દર્દીને પોતાની નજીકની રક્તદાન બેંક સાથે કનેકટ કરાવી તાત્કાલિક બ્લડ મળી રહે જેથી કોઈનો જીવ ન જાય તે માટે આ બાઈક રેલી ફરી રહી છે. અમારો નારો છે, ''મે ભી રક્તદાતા, હર ઘર રક્તદાતા''. દરેક ઘરમાંથી એક રક્તદાતા રકતદાન માટે આગળ આવે તો આપણા દેશમાં ક્યારેય રકતની અછત રહેશે નહીં.

તા. ૧ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાનના દિવસે સાબરમતી આશ્રમથી નીકળેલી આ બાઈક રેલી તા. ૩૧ ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પહોંચશે. ગુજરાતના તમામ ૩૪ જિલ્લામાં આ યાત્રા જઈ રહી છે, આ ૩૧ દિવસ દરમિયાન કુલ ૫૦૦૦થી વધુ કિમીની યાત્રા કરવામાં આવશે. બાઈક રાઈડ કલેકટર કચેરીથી સર્કિટ હાઉસ અને હાલર ચાર રસ્તાથી તિથલ રોડ, કોલેજ કેમ્પસ, પોલિટેકનિક કોલેજ ત્યાંથી પરત થી તિથલ રોડથી આવાંબાઈ સ્કૂલ, ટાવર, સ્ટેડિયમ રોડ અને બસ ડેપો જેવા વિસ્તારોમાં પરિભ્રમણ કરીને રકતદાન મહાદાનનો સંદેશ ફેલાવી વલસાડ રક્તદાન કેન્દ્ર ખાતે પૂર્ણ થઈ પારડી તરફ પ્રસ્થાન થઈ હતી. આ બાઈક રાઈડર્સ દ્વારા વલસાડ રક્તદાન કેન્દ્રની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.

આ બાઈક રેલીમાં વલસાડના શતકવીર રક્તદાતાઓ, રકતદાન શિબિરના આયોજકો અને બાઈક રાઈડર્સ આ યાત્રામાં જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન વલસાડ બ્લડ બેંકના ડિરેકટર ભાવેશભાઈ રાયચાએ કર્યુ હતું.

## વલસાડની કુસુમ વિદ્યાલયમાં નવરાત્રિ પર્વની ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડના તિથલ રોડ સ્થિત ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક અને માધ્યમિક શાળા કુસુમ વિદ્યાલયમાં શાળાના વિદ્યાર્થી, વાલીઓ અને શિક્ષકમિત્રોએ નવરાત્રિની ઉજવણી કરી હતી. આરતી અને વિદ્યાર્થીઓ દ્વારા ગવાયેલા ગરબાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ટ્રેડીશનલ ડ્રેસોમાં સજ્જ થઈ વિદ્યાર્થી અને વાલીઓ તાલીઓના તાલે ગરબે ઝુમ્યા હતા. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને નવરાત્રિ પર્વના મહતવ વિશે સમજ આપવામાં આવી હતી.

### શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ દ્વારા

## વલસાડમાં રાહત દરે દવા વિતરણ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ દ્વારા સમાજસેવાના અવિરત ભાગરૂપે તા. ૧૫/૧૦/૨૦૨૬ના રોજ ઓક્ટોબર માસ માટેનો દવા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ સ્વ. હિંમતલાલ છોટાલાલ કલવાડીયાના સ્મરણાર્થે ૩૦ ટકા રાહત દરે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. ડિસેમ્બર ૨૦૨૦થી સતત ચાલતી આ આરોગ્યલક્ષી યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૯૧ લાભાર્થીઓએ રાહત દરે દવાનો લાભ મેળવ્યો છે. ઓક્ટોબર માસમાં કુલ ૨૭ લાભાર્થીઓને રૂપિયા ૩૮,૫૯૧ ની કિંમતની દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત જરૂરિયાતમંદ ૧ દિવ્યાંગ અને ૧ નિરાધાર બહેનને સંપૂર્ણપણે વિનામૂલ્યે દવા પૂરી પાડવામાં આવે છે. આ સેવાના ભાગરૂપે તાજેતરમાં અવસાન પામેલા માલવણ/મોરાભાગડાના નિરાધાર બહેન સ્વ. અંજનાબેન હિમ્મતભાઈ બારોટને સંસ્થા દ્વારા જુલાઈ ૨૦૨૧ થી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન કુલ રૂપિયા ૨૯,૭૮૭ ની દવા વિનામૂલ્યે આપવામાં આવી હતી. સંસ્થાના સેવાભાવી કાર્યકરો અમિતભાઈ મેહવાલા, -શાંતભાઈ પટેલ, હિરેનભાઈ સુરતી તેમજ વિમલભાઈ મેહવાલાના સંકલન અને સુંદર આયોજનથી આ સેવા પ્રવૃત્તિ નિયમિત ચાલી રહી છે. વલસાડ બહાર રહેતા જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી દવા પહોંચાડવા માટે વિનામૂલ્યે કુરિયર સેવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સમાજના વધુને વધુ જરૂરિયાતમંદ લોકો આ રાહત દરની દવાનો લાભ લઈ શકે તે માટે સંસ્થાના કાર્યકરોનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવી છે.

## પારડીમાં આધુનિક મચ્છી માર્કેટ માટે ધારાસભ્ય દ્વારા ખાતમુર્હત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૮ :** પારડી શહેરમાં આવેલ તળાવની પાર પાસે મચ્છી માર્કેટ આધુનિક બનાવવા માટે પારડીના લોકપ્ર્યિ ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખાતમુરત વિધિ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં માછી માર ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. મચ્છી માર્કેટ સાથે રસ્તા પાણી અને અન્ય યોજનાઓ ને લીલી જંડી પાડીને લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ એ આપી હતી

પારડી શાકભાજી માર્કેટ પાસે આવેલ ફીસ માર્કેટના કમ્પાઉન્ડમાં પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર કોમલબેન પ્રમુખ ચેતનભાઇ નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુની બેન ભટ્ટ કારોબારી અધ્યક્ષ ચેતનભાઇ ભંડારી પારડી તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પુનિતભાઈ પટેલ પૂર્વ પ્રમુખ મહેશભાઈ દેસાઈ સહિત તમામ નગરપાલિકાના સદસ્યો કર્મચારીઓ નગરજનો અને માછીમાર ભાઈ બહેનો મોટી સંખ્યામાં ભેગા થયા હતા પારડી ના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈનું આગમન થતાં પ્રમુખ ચેતનભાઈ પટેલ અને ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલ મહામંત્રી ઝૂબીન દેસાઈ અશોક પ્રજાપતિ સાથે પાલિકાના તમામ સદસ્યોએ એમનો ભવ્ય સ્વાગત કર્યો હતો સ્વાધ્યાય મંડળના સંસ્કૃત વિદ્યાલયના વિદ્યાર્થીઓના મંત્રો ચાર સાથે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ નવા આધુનિક ફીસ માર્કેટ બનાવવા માટે ખાતમુરત વિધિ કરી હતી સાથે રસ્તા પાણી અને બીજી અનેક યોજનાઓ કે જે વોર્ડ નંબર એક થી સાત સુધી મંજુર કરવામાં આવી છે તે તમામ યોજનાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દિવાળી પહેલા પારડીમાં વોર્ડ નંબર એક થી સાંજ સુધીના તમામ રસ્તાઓનું કામ પૂર્ણ કરવામાં આવશે ટોટલ ૨૦ કરોડના કામો પારડીમાં વિકાસના સર્વાંગી વિકાસ માટે મંજૂર કરવામાં આવ્યા છે તે સંપૂર્ણ દિવાળી પહેલા પૂર્ણ થશે ચાર મહિનામાં પારડી પાલિકાના ચીફ ઓફિસર કોમલ બેને ફીસ માર્કેટ બનાવવા માટે વચન આપ્યું છે એ જ રીતે તમામ જરૂરી કામો પૂર્ણ થશે કારણ કે, નાણામંત્રી કનુભાઈ દેસાઈની પારડીને સર્વાંગી વિકાસ કરવા માટેની દ્રષ્ટિ છે જે માટે પાલિકાના તમામ કોર્પોરેટરોની મીટીંગ પણ રાખવામાં આવી હતી.

## વાપીની આર.કે. દેસાઈ કોલેજના વિદ્યાર્થીએ એથલેન્ટીકસ મીટમાં બે સુવર્ણચંદ્રક મેળવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી ખાતે તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ R. S. Jhunjhunwala International School, Vapi ખાતે ખેલમહાકુંભ ઈસ્ટ ઝોન વાપી દ્વારા Athletics Meet સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં R. K. Desai Achchhariwala College of Computer and Applied Sciences, Vapiના S.Y. BCAમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી Jha Ayush Nishakarએ ઉત્કૃષ્ટ રમતગમત પ્રદર્શન કરીને Shot Put Throw તથા Discus Throw બંને સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી બે સુવર્ણચંદ્રક (Gold Medals) પ્રાપ્ત કર્યા હતા.

આયુષે બંને સ્પર્ધામાં પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન દ્વારા કોલેજનું ગૌરવ વધાર્યું છે. એક જ Athletics Meetમાં બે અલગ-અલગ રમતોમાં પ્રથમ સ્થાન મેળવી બે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરવું તેની પ્રતિભા, મહેનત અને રમતગમત પ્રત્યેની લગન દર્શાવે છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કોલેજના ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર ડૉ. પ્રફુલ પટેલ, HOD નેહા પટેલ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ તથા કોલેજના ચેરમેન મિલન દેસાઈ દ્વારા આયુષ નિશાકરને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જ ભવિષ્યમાં પણ તે રમતગમત તથા શૈક્ષણિક ક્ષેત્રે વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરે અને કોલેજનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## વાપીની શ્રી રાજ રાજેશ્વરી વિદ્યા મંદિરમાં ગરબા મહોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીની છરવાડા સ્થિત શ્રી રાજ રાજેશ્વરીવિદ્યામંદિર સ્કૂલમાં તા. ૧૭ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ ગરબા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઉત્સાહ, ઉમંગ અને પરંપરાગત રંગોથી ભરપૂર રહ્યો હતો.

આ પ્રસંગે શાળાના ચૅરમૅન હિંમતસિંહજી જાડેજાસર, પ્રિન્સિપાલ ડૉ. રાજેશ્વરી જાડેજા તથા કાઉન્સેલર ભારતીબા જાડેજા તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.કાર્યક્રમની શરૂઆત માતાજીની પૂજા-અર્ચના અને આરતી સાથે કરવામાં આવી હતી. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પરંપરાગત ગરબાની સુંદર રજૂઆત કરી હતી. સૌએ સંગીતના તાલે ગરબા રમીને કાર્યક્રમનો ખૂબ આનંદ માણ્યો હતો.

## ચણોદની કેબીએસ કોલેજમાં ૧૨ દિવસીય ઉદ્યોગ સાહસિક વિકાસ કાર્યક્રમ સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** અત્રે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપી, ખાતે કોલેજના ઓડીટોરીયમમાં ૨૯ સપ્ટેમ્બરથી ૨૦૨૬ થી ૧૦ ઓક્ટોમ્બર ૨૦૨૬ દરમિયાન સેન્ટર ફોર આન્ત્રપ્રીનીયોર્શીપ ડેવલોપ્મેન્ટના સહયોગથી અને સેલ્ફ-હેલ્પ ફોરમના બેનર હેઠળ ૧૨ દિવસીય ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમ-મોડ્યુલ ૦.૨ નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૩૦ વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી, જેના કારણે કાર્યક્રમ ખૂબ જ ઈન્ટરેક્ટિવ અને બૌદ્ધિક રીતે સમૃદ્ધ બન્યો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સહભાગીઓમાં ઉદ્યોગસાહસિક કૌશલ્ય વિકસાવવા અને તેમને સ્વ-રોજગાર અને વ્યવસાયિક તકો શોધવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ, વલસાડના સંયોજક મેહુલ પટેલ મુખ્ય વક્તા હતા. સમગ્ર વર્કશોપનું કાર્યક્ષમ રીતે સંકલન સેલ્ફ-હેલ્પ ફોરમના સંયોજક ડૉ. દિપક એમ. સાંકી અને તેમની સમર્પિત ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ સફળ રહેતા કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણે તેમજ સેલ્ફ હેલ્પ ફોરમનો, ઉદ્યોગસાહસિક જાગૃતિ વિકસાવવા અને સહભાગીઓને આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચય સાથે તેમના વ્યવસાયિક વિચારોને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરવા બદલ આભાર વ્યક્ત કરી ભાગ લીધેલ તમામ વિદ્યાર્થી મિત્રોને અભિનંદન પાઠવતા જીવનમાં સફળ થવાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## સલવાવની ઘનશ્યામ વિદ્યામંદિરમાં ચિત્રકલા અને આરતી થાળી સજાવટ સ્પર્ધા યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં નવરાત્રી પર્વની ઉજવણીના ભાગરૂપે ચિત્રકલા સ્પર્ધા તથા આરતી થાળી સજાવટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ચંદ્રવદન પટેલના માર્ગદર્શન હેઠળ અને શિક્ષકગણના સહયોગથી યોજાયેલી આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ધોરણ ૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે ચિત્રકલા સ્પર્ધા રાખવામાં આવી હતી, જેમાં બાળકોએ રંગબેરંગી રંગોનો ઉપયોગ કરીને ગરબા અને દાંડિયા રમતા ખેલૈયાઓનાં સુંદર ચિત્રો તૈયાર કર્યાં હતાં. જ્યારે ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે આરતી થાળી સજાવટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ફૂલો, રંગોળી, દીવડા, કંકુ, ચોખા સહિતની વિવિધ સુશોભન સામગ્રીનો ઉપયોગ કરીને આકર્ષક આરતી થાળીઓ તૈયાર કરી હતી. વિદ્યાર્થીઓની કલાત્મક સૂઝ, સર્જનાત્મકતા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની શ્રદ્ધા તેમની કૃતિઓમાં જોવા મળી હતી. સ્પર્ધાના અંતે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓના ઉત્સાહ અને મહેનતને બિરદાવવામાં આવ્યાં હતાં. શાળાના આચાર્ય ચંદ્રવદન પટેલ, શિક્ષકગણ અને સમગ્ર શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# વિપક્ષોના 'સત્તાચોરી' ના મનસૂબા...

ઉચ્ચ શિક્ષણનાં પેપર ફૂટી ગયાં - ચોરી થઈ તે પછી વોટ ચોરી, ચૂંટણીપંચના મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમાર, વડાપ્રધાન મોદી, ગૃહ-ધાન અમિત શાહ, રાષ્ટ્રીય સેવક સંઘના મોહન ભાગવત અને પછી સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતને દૂર - સત્તાભ્રષ્ટ કરવાની ધાક - ધમકી પછી હવે મામલો ભારતમાં સત્તા પલટવાનાં કાવતરાં સુધી પહોંચ્યો છે! નેતાઓનાં ષડ્યંત્રની જાહેરાત - કબૂલાત જાહેરમાં થઈ ગઈ ! નેહા બોરાએ બાંગલાદેશે રસ્તો બનાવ્યો છે. ભારતમાં બાંગલાદેશનું અનુકરણ થશે એમ કહ્યું અર્થાત્ દેશભરમાં હિંસાચાર ફાટી નીકળશે. રાહુલ ગાંધીએ તો શિવજીની જેમ તાંડવની વાત કરી - ધમકી આપી. કાનૂની સલાહકાર પ્રશાંત ભૂષણે તો ભાંડો ફોડી નાખ્યો - રીજીમ શાસન પરિવર્તન કરવાનો નિર્ધાર જાહેર કર્યો. રાહુલ ગાંધીએ ઘણી ભૂલો કરી છે, પણ સુપ્રીમ કોર્ટ ઉપર મોરચો લઈ ગયા. મુખ્ય ન્યાયમૂર્તિ મુલાકાત આપે નહીં તો ખુરસી ખાલી



કરાવવાની ધમકી... ઈંદિરા ગાંધીએ તો સુપ્રીમ કોર્ટના ત્રણ સિનિયર જજને હાંસિયામાં ધકેલીને કબજો લીધો હતો, તે યાદ છે ? હવે કોકરોચવાળા ઈમર્જન્સી જેવા અત્યાચારની ફરિયાદ પ્રચાર કરે છે, પણ એમણે ઈંદિરા ગાંધીની ઈમર્જન્સી જોઈ નથી ! હવે કોંગ્રેસ બચાવ કરે છે કે સત્તા પરિવર્તન ચૂંટણીના માર્ગે થશે ! પણ લોકો મતદારો સ્વદેશી પ્ર વિદેશી કાવતરાં જાણી ગયા છે.

નેતાઓનો પ્લાન અલગ છે. યુવાવર્ગ કોકરોચ પાર્ટીનો ઉપયોગ કરીને અશાંતિ - અરાજકતા સર્જાય, કાયદો વ્યવસ્થા ખોરવીને પોલીસતંત્ર તથા સરકાર ઉપર હિંસાચારના આક્ષેપ થાય. આવા સંજોગો સર્જાયા પછી ચૂંટણી થાય નહીં અને દેશભરમાં અંધાધૂંધી થાય એટલે મોદી સરકારે રાજીનામું આપવું પડે - એવી ધારણા - આશા છે. શરૂઆતમાં રાહુલ ગાંધીને શંકા હતી કોકરોચ પાર્ટીનો વિશ્વાસ કરાય નહીં. સત્તાની દોડમાં આગળ નીકળી જાય તો ? જો કે, એકતા બતાવવાના પ્રયાસ - નાટક થયાં અને તિરંગાનાં નામે અભિજિતે દેશભરમાં આંદોલનની હાકલ કરી તે તદ્દન નિષ્ફળ ગયા પછી રાહુલ ગાંધી શોક - અથવા સહાનુભૂતિ દર્શાવવા પણ ગયા નહીં ! સત્તા ચોરી લેવાના મનસૂબા છે. સત્તા પલટવાની હિલચાલ ૨૦૧૪માં કોંગ્રેસ સત્તાભ્રષ્ટ થઈ અને ભાજપ - એનડીએની સરકાર આવી. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારથી શરૂ થઈ છે. કૃષિસુધારાથી લઈને ઔદ્યોગિક - જમીન સુધારા - નાગરિકત્વને લગતા બંધારણીય સુધારા થયા ત્યાં સુધી - જે પણ મુદ્દો મળે તે ઉઠાવીને મોદી હટાવો - લોકશાહી બચાવોનાં બહાનાં મળ્યાં, પણ ૨૦૧૪ પછી ૨૦૧૯ અને તે પછી ત્રીજી વખત મોદી સરકારે સત્તા સંભાળી. સ્વદેશી - વિદેશી કાવતરાં નિષ્ફળ ગયાં છે. હવે વિપક્ષી નેતાને ખાતરી થઈ છે કે લોકતાંત્રિક રીતે જ ચૂંટણી થાય તો જીતવાની આશા નથી એટલે જ અભી નહીં તો કભી નહીં - આખરી કાવાદાવા - શરૂ થયા છે. આ રાજકીય કાવાદાવાની નવાઈ નથી. વિદેશી હાથ હોવાનું આપણે સૌ જાણીએ છીએ. પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના હાથમાં સત્તા આવ્યા પછી દુનિયામાં ડામાડોળ શરૂ થઈ છે. અર્થતંત્રમાં ભારતની વધતી શક્તિ અને વિશ્વમાં વધતી વગ ગમે તે ભોગે રોકવા માગે છે. ટેરિફ આક્રમણ શરૂ કર્યા પછી વાટાઘાટ પૂરી થતી નથી. ભારતના ટોચના ઉદ્યોગપતિઓ ગણાતા અંબાણી - અદાણી નિશાના ઉપર રહ્યા છે, પણ ભારતના લોકોને અમેરિકાના દુષ્પ્રચાર કરતા સ્વદેશી ઉદ્યોગપતિઓ ઉપર વધુ દઢ વિશ્વાસ છે.

**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

ભારતની આર્થિક શક્તિથી વિશ્વના દેશો અંજાઈ ગયા છે, ત્યારે આપણા સ્વદેશી વિરોધીઓને આંખમાં કણાની જેમ ખૂંચે છે. દાયકાઓ સુધી ભારતના નકલી - ઢોંગી સેક્યુલરવાદનો લાભ ઉઠાવીને નાણાંનાં જોરે ધર્મપરિવર્તનની પ્રવૃત્તિ રોગચાળાની જેમ ફેલાઈ છે. હવે બિનસરકારી સંસ્થાઓને મળતાં વિદેશી ભંડોળની તપાસ થાય છે તેથી પણ મોદીનો વિરોધ છે. ભારતની વિદેશનીતિ તટસ્થ નથી ભારતનાં હિત માટે છે. અમેરિકા પાકિસ્તાનને બચાવી શકતું નથી - આ પણ કારણ છે. અને તેથી સ્વદેશી વિપક્ષી નેતાઓને સહાય કરે છે ! કોંગ્રેસ - રાહુલ ગાંધીની જેમ અન્ય પ્રાદેશિક નેતાઓને પણ રાજકીય ભવિષ્યની ચિંતા છે ! મોદીનું લક્ષ્ય - એક રાષ્ટ્ર એક ચૂંટણી છે અને જો તેનો અમલ થાય તો ભાજપનો અશ્વમેધ સમસ્ત દેશમાં ફરી વળશે એવો ભય છે. તેથી ગમે તે રીતે, ગમે તે ભોગે મોદી સરકારને હટાવવા માગે છે. મોદીની લોકપ્રિયતા તોડવા માટે વોટ ચોરીનો મુદ્દો મળી ગયો. આ મુદ્દો ભારતના મતદારો માટે અમૂલ્ય - અતૂલ્ય છે, ચૂંટણી દરમિયાન ભલે રેવડીઓનો વરસાદ થતો હોય અને વોટ વેચાતા પણ હોય, છતાં મત અને મતાધિકાર મતદાતાને એક દિન કા બાદશાહ બનાતા હૈ. મતદારયાદીઓની ફેરતપાસ શરૂ થઈ એટલે વોટ બેન્કો ઉપર ધાડ પડી. ઘણા નેતાઓ નિરાધાર બની ગયા. વોટ ચોરીનાં નામે એમને આશા અને આશ્રય મળ્યો. સંજોગો અનુસાર આંદોલન નહીં, લડાઈ શરૂ થઈ. પેપર ચોરી વખતે અભિજિત દીપકે નામના યુવાન અમેરિકાથી સીધા જંતર - મંતરમાં ટપકી પડયા. શિક્ષણ કરતાં નોકરી - ધંધાની વધુ ચિંતા હોવાથી જનરેશન - ઝી - ત્રીસ વર્ષથી ઓછી વયનો યુવાનવર્ગ તૈયાર હતો અને રાજકીય નેતાને તૈયાર ફોજ મળી ગઈ. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું મળ્યું અને બેકાર - નિરાશ નેતાઓને ખુરસી નજર સામે તરવરવા લાગી. પણ આંદોલનને રાજકીય લડાઈનું સ્વરૂપ મળી ગયું. હિંસાનાં બીજ રોપાયાં - નેતાઓને હૈયે હોય તે હોઠે આવી ગયું. સંસદનો માર્ગ શેરીઓથી શરૂ થાય છે. મનફાવે તેવાં નિવેદનો થયાં અને સૂત્રો ગાજ્યાં. લોકતંત્રમાં વિચાર - વાણી સ્વાતંત્ર્ય છે, પણ તેની મર્યાદા - જવાબદારી પણ હોવી જોઈએ. આ લડાઈ કાનૂની તથા રાજકીય હોવા છતાં લડાઈ માત્ર સત્તાની છે. વિદ્યાર્થી - યુવાઓનાં ભવિષ્યની નહીં. નેતા - નેતાઓની સત્તાભૂખની. લોકતંત્ર મુજબ ચૂંટણીથી સત્તા મળવાની આશા નથી તેથી શેરીઓમાં અરાજકતા ફેલાવીને - હિંસાચાર ભડકાવીને સત્તા મેળવવાના પ્રયાસ થાય છે.

રાહુલ ગાંધીના નિકટના વિશ્વાસુ સાથી ગણાતી કુમારી નેહા બોરાએ રાહુલ ગાંધીની પાસે ઊભી રહીને કહ્યું કે બાંગલાદેશે રસ્તો બતાવ્યો છે. ભારત અભિનંદન આપે છે અને આભાર માને છે !

સિનિયર વકીલ પ્રશાંત ભૂષણ કહે છે અમે રાજતંત્ર - સરકાર બદલવા માગીએ છીએ અને ગમે તે ભોગે બદલીશું જ... આ એકલ - દોકલ વ્યક્તિની ધમકી નથી, પણ વિચારધારા - આઈડિયોલોજી છે. ૧૯૭૫થી ૧૯૭૭ સુધી ઈમર્જન્સીમાં ઈંદિરા ગાંધી સામે કાનૂની લડાઈ જીતનારા સિનિયર વકીલ શાંતિ ભૂષણના (સુ) - પુત્ર પ્રશાંત ભૂષણ દેશમાં ખૂનખરાબાની ધમકી આપે છે.

ઘણા વાચકોને યાદ હશે ૨૦૧૪ના અરસામાં અરવિંદ કેજરીવાલે નવી દિલ્હીનાં રેલ ભવન બહાર ધરણાં કર્યાં હતાં અને કહ્યું હતું હું અરાજકતામાં માનું છું, અરાજકતા ઊભી કરીને સત્તા મેળવવા માગું છું. આ માટે એમણે નાણાંની શક્તિ મેળવી, જેથી સત્તા સહેલાઈથી મળી શકે. અને આમ આદમી પાર્ટી લાવ્યા - અત્યારે અભિજિત દીપકેના ગુરુ છે ! વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સંવિધાનની નકલ હાથમાં ફરકાવીને લોકોમાં અવિશ્વાસ જગાવવાની શરૂઆત કરી. સરકાર અને સરકારી સંસ્થાઓમાં હિન્દુત્વ હોવાના આક્ષેપ અને પ્રચાર કર્યા. પેપર ચોરી અને વોટ ચોરીનાં નામે ચૂંટણી વ્યવસ્થા ઉપર લોકોનો વિશ્વાસ રહે નહીં તે માટે આક્ષેપ કર્યા.

પોલીસતંત્ર ઉપર આક્ષેપ કર્યા. પોલીસ અને ભારતીય સેના પડકારે તો સરકાર ક્યાં જાશે ? એમ કહીને બળવો થવો જોઈએ એવી ઉશ્કેરણી થઈ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ મોરચો લઈને આવેલા રાહુલ ગાંધીને મુલાકાત આપી નહીં તો કેરળ કોંગ્રેસે એમને ખુરસી ખાલી કરોની ધમકી આપી. પ્રશાંત ભૂષણે જે રીજીમ ચેન્જની ધમકી માત્ર સરકાર નહીં - સમગ્ર રાજતંત્રને બદલવાની ધમકી છે. ભારતવાસીઓ આવી ધમકી સાંખી શકે ? ચલાવી શકે ?

## પિતૃસત્તાત્મકતાનો રાજકીય અવાજ બદલાતી

# ભારતીય સામાજિક વાસ્તવિકતા સાથે મેળ ખાય છે ખરા ?

પિતૃસત્તાત્મકતાનો રાજકીય અવાજ બદલાતી ભારતીય સામાજિક વાસ્તવિકતા સાથે મેળ ખાય છે ખરા ?

સાંપ્રત ભારતીય રાજકારણ અને જાહેર ચર્ચાઓમાં પેટ્રીઆર્કી એટલે કે પિતૃસત્તાત્મકતા શબ્દ વારંવાર સાંભળવા મળે છે. ખાસ કરીને વિપક્ષી પક્ષો, કોંગ્રેસ અને ડાબેરી વિચારધારા ધરાવતા જૂથો દ્વારા સ્મેશ ધ પેટ્રીઆર્કી જેવા આક્રમક સૂત્રોચ્ચારો અને નિવેદનો મારફતે દેશમાં નારીવાદી મુદ્દાઓને સપાટી પર લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. દાવો એવો કરવામાં આવે છે કે રાષ્ટ્રીયતા અને પરંપરાવાદની વાતો કરતી દક્ષિણપંથી વિચારધારા સમાજમાં પુરુષપ્રધાન માનસિકતાને પ્રોત્સાહન આપે છે. પરંતુ રાજકીય રણનીતિઓ, વોટબેંકના ગણિતો અને ચૂંટણીકીય વાક-હારોની બહાર નીકળીને જો આપણે ભારતીય સમાજનું નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક સામાજિક વિશ્લેષણ કરીએ, તો સવાલ એ ઊભો થાય છે કે શું ૨૧મી સદીના ભારતમાં પિતૃસત્તાત્મકતા ખરેખર એ જ જૂના, જડ અને અનમ્ય સ્વરૂપમાં મોજૂદ છે કે પછી આ મુદ્દાને માત્ર એક રાજકીય હથિયાર બનાવીને રજૂ કરવામાં આવી રહ્યો છે? ભારતીય સામાજિક માળખું ઐતિહાસિક રીતે પુરુષપ્રધાન રહ્યું છે એ વાતનો અસ્વીકાર થઈ શકે તેમ નથી. ભૂતકાળમાં સ્ત્રીઓની સ્વતંત્રતા, શિક્ષણ, નિર્ણય લેવાના અધિકારો અને આર્થિક આત્મનિર્ભરતા પર અનેક મર્યાદાઓ હતી. પરંતુ છેલ્લાં કેટલાક દાયકાઓમાં, અને ખાસ કરીને છેલ્લા એક-દોઢ દાયકામાં ભારતીય સમાજમાં જે પરિવર્તન આવ્યું છે, તે અદભુત અને અભૂતપૂર્વ છે. આજે શિક્ષણ ક્ષેત્રે છોકરીઓ છોકરાઓ કરતાં આગળ નીકળી રહી છે. કોર્પોરેટ ક્ષેત્ર, આઈટી, વિજ્ઞાન, તબીબી સેવાઓ, વહીવટી સેવાઓ (IAS/IPS)થી લઈને આર્મડ ફોર્સિસ અને ફાઈટર જેટ ઉડાડવા સુધીના ક્ષેત્રોમાં ભારતીય નારી પોતાની ક્ષમતા સાબિત કરી ચૂકી છે. આ પરિવર્તન માત્ર શહેરો પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ ગ્રામીણ ભારતમાં પણ પંચાયતી રાજમાં સ્ત્રીઓની ભાગીદારી અને મહિલા સ્વસહાય જૂથો (SHGs) એ ગ્રામીણ અર્થતંત્રનું ચિત્ર બદલી નાખ્યું છે. સામાજિક અને કાનૂની દ્રષ્ટિએ જોઈએ તો, આજે ભારતનું બંધારણ અને કાયદાકીય માળખું મહિલાઓને અત્યંત મજબૂત સુરક્ષા પૂરી પાડે છે. ઘરેલુ હિંસા વિરોધી કાયદા, કાર્યસ્થળ પર જાતીય સતામણી વિરોધી કાયદા (POSH), મિલકતમાં પુત્રીઓને સમાન હક અને હવે સંસદ તથા વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત આપતું નારી શક્તિ વંદન અધિનિયમ જેવા ક્રાંતિકારી કાયદાઓએ પિતૃસત્તાના પરંપરાગત કિલ્લાઓને ધ્વસ્ત કરી દીધા છે. જ્યારે રાજ્ય અને કાયદો સ્વયં મહિલાઓના સશક્તિકરણ માટે આટલી મજબૂતીથી ઊભા હોય, ત્યારે સમાજને હજુ પણ સંપૂર્ણપણે પીડિત અથવા દબાયેલા દર્શાવવો એ વાસ્તવિકતા કરતાં વધુ અતિશયોક્તિપૂર્ણ લાગે છે.



**પૌરુષ**

**અંકિત દેસાઇ,**

ટુકવાડા

આ સંજોગોમાં, જ્યારે ડાબેરી અથવા સ્યુડો-લિબરલ વિચારકો દ્વારા સ્મેશ ધ પેટ્રીઆર્કીનો ઘોષ કરવામાં આવે છે, ત્યારે તે ઘણીવાર પશ્ચિમી નારીવાદની આંધળી નકલ જેવો જણાતો હોય છે. પશ્ચિમનો નારીવાદ પુરુષ અને સ્ત્રી વચ્ચેના સંબંધોને સંઘર્ષ અને સ્પર્ધાના ચશ્માથી જુએ છે, જ્યાં સ્ત્રી મુક્તિ માટે પુરુષ અને પરિવાર વ્યવસ્થાનો સંપૂર્ણ વિરોધ જરૂરી માનવામાં આવે છે. તેનાથી વિપરીત, ભારતીય સામાજિક દ્રષ્ટિકોણ પૂરકતા પર આધારિત છે, જ્યાં સ્ત્રી અને પુરુષને પૂરક માનવામાં આવ્યા છે, વિરોધી નહીં. સંસ્કૃતિના નામે કુરિવાજો કે શોષણનું સમર્થન ન થઈ શકે, પરંતુ સમગ્ર ભારતીય કૌટુંબિક વ્યવસ્થા, સંસ્કારો અને પરંપરાઓને માત્ર પિતૃસત્તાત્મક કહીને તેને નકારી દેવી એ ભારતીય સામાજિક તાણાવાણાને નુકસાન પહોંચાડવાનું કામ કરે છે. રાજકીય દ્રષ્ટિકોણથી આ મુદ્દાનું મૂલ્યાંકન કરીએ તો, વિપક્ષી દળો માટે પેટ્રીઆર્કી એ રાષ્ટ્રીયતા, પરંપરા અને સાંસ્કૃતિક મૂલ્યો પર આધારિત શાસક પક્ષ કે રાઈટ વિંગની વિચારધારાને ઘેરવાનું એક સરળ માધ્યમ બની ગયું છે. રાઈટ વિંગ જ્યારે સંસ્કૃતિ, પરંપરા અને પરિવાર ભાવનાની વાત કરે છે, ત્યારે તેને પિતૃસત્તાત્મક અને મહિલા વિરોધી ચિત્રિત કરવાનો પ્રયાસ થાય છે. પરંતુ આ રાજકીય વિમર્શમાં એ તથ્ય છૂપી જાય છે કે વર્તમાન સમયમાં મહિલાઓ માટેની યોજનાઓ— જેમ કે ઉજ્જવલા યોજના, માતૃત્વ વંદના, લાડલી બહેના જેવી કલ્યાણકારી યોજનાઓ અને ડિજિટલ સક્ષમતા—એ મહિલાઓને જનસંખ્યાના એક મોટા અને નિર્ણાયક વોટબેંક તરીકે સ્થાપિત કરી દીધી છે. આજે દરેક રાજકીય પક્ષ મહિલા મતદારોને આકર્ષવા માટે સ્પર્ધા કરી રહ્યો છે, જે દર્શાવે છે કે મહિલાઓ હવે રાજકારણના કેન્દ્રમાં છે.

આમ છતાં, એવું નથી કે સમાજમાંથી તમામ સમસ્યાઓ સંપૂર્ણપણે ગાયબ થઈ ગઈ છે. આજે પણ દેશના કેટલાક ગ્રામીણ કે પછાત ભાગોમાં જાતિગત ભેદભાવ, કન્યા ભ્રૂણહત્યાની માનસિકતા, સુરક્ષાની ચિંતાઓ કે સ્ત્રીઓને નિર્ણય લેવામાં મર્યાદિત સ્વતંત્રતા જેવા પ્રશ્નો હજુ મોજૂદ છે. પરંતુ આ પ્રશ્નોનો ઉકેલ સૂત્રોચ્ચાર કરવાથી કે સમાજમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે વિભાજન ઊભું કરવાથી લાવવો શક્ય નથી. તેના માટે સકારાત્મક શિક્ષણ, આર્થિક આત્મનિર્ભરતા અને સામાજિક માનસિકતામાં ધીમે ધીમે આવતા સુધારાની જરૂર છે. અંતમાં, એટલું ચોક્કસ કહી શકાય કે આજના આધુનિક ભારતમાં પિતૃસત્તાત્મકતા કોઈ એકછત્ર કે સર્વોપરી સત્તા તરીકે અસ્તિત્વ ધરાવતી નથી, પરંતુ તે એક બદલાતા સમાજનો એક નાનો ભાગ છે જે ધીમે ધીમે લુપ્ત થઈ રહ્યો છે. સ્મેશ ધ પેટ્રીઆકા જેવા વિદેશી અને આક્રમક સ્લોગનો વાસ્તવિક ભારતીય સામાજિક પરિવર્તનને રજૂ કરવાને બદલે માત્ર એક રાજકીય નરેટિવ સેટ કરવાનો પ્રયાસ વધુ લાગે છે. સાચું નારી સશક્તિકરણ પુરુષો સામે લડાઈ લડવામાં નથી, પરંતુ સ્ત્રી અને પુરુષ બંને સાથે મળીને એક સમાન, ન્યાયી અને સુમેળભર્યા સમાજનું નિર્માણ કરે તેમાં જ રહેલું છે.

# 'રણબલી'થી પ્રેરાઈ રશ્મિકા મંદાનાએ ૪૦૦ પરિવારોને દત્તક લીધા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૮ :** અભિનેત્રી રશ્મિકા મંદાના પોતાની આગામી ફિલ્મ 'રણબલી'માં જયમ્માની ભૂમિકા ભજવ્યા બાદ વાસ્તવિક જીવનમાં પણ માનવતાની અનોખી પહેલ કરવા પ્રેરાઈ છે. રશ્મિકાએ ૪૦૦ પરિવારોને દત્તક લઈને આગામી ત્રણ મહિના સુધી તેમને કરિયાણું પૂરું પાડવાનો નિર્ણય કર્યો છે. આ પહેલથી પરિવારો કરિયાણાના ખર્ચમાં બચત કરીને પોતાના ભવિષ્યનું આયોજન વધુ સારી રીતે કરી શકશે. રશ્મિકાએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતાં જણાવ્યું કે, અત્યાર સુધી તે આવા કાર્યોને અંગત રાખવાનું પસંદ કરતી હતી. જોકે, હવે તેને લાગે છે કે આ પહેલ વિશે જાહેરમાં વાત કરવાથી અન્ય લોકો પણ જરૂરિયાતમંદોની મદદ કરવા પ્રેરાઈ શકે છે. તેણે પરિવારોને રાશન કિટનું વિતરણ કરતી પોતાની ટીમનો વીડિયો પણ શેર કર્યો હતો. રશ્મિકાએ લખ્યું કે, "તમે જે પાત્રો ભજવો છો, તે ક્યારેક તમારા જીવનને પણ પ્રભાવિત કરે છે. ઘણા લોકો મને પૂછે છે કે જયમ્મા અને મારામાં કોઈ સામ્યતા



છે? તો મારો જવાબ છે, હા! આ પહેલ પણ મારાં અને તેનાં વ્યક્તિત્વનો એક ભાગ છે."તેણે વધુમાં જણાવ્યું કે, "આજે મેં ૪૦૦ પરિવારોને દત્તક લીધાં છે. હું એક સમયે ૪૦૦ પરિવારોને ત્રણ મહિના સુધી મદદ કરવા માગું છું અને આગામી એક વર્ષ સુધી આ પહેલ ચાલુ રાખવાની આશા છે. કરિયાણાનાં ખર્ચમાં બચેલા પૈસાથી તેઓ ભવિષ્ય માટે બચત અને આયોજન કરી શકશે. નાનકડું દયાભર્યું કાર્ય પણ કોઈનું જીવન બદલી શકે છે. તેની શરૂઆત કરવા માટે કંઈક બહુ મોટું કરવાની જરૂર નથી."રાહુલ સંકૃત્યનના દિગ્દર્શનમાં બનેલી 'રણબલી' ૧૮૭૬થી ૧૮૭૮ દરમિયાન ભારતમાં પડેલા ભયાનક દુકાળથી પ્રેરિત કાલ્પનિક વાર્તા છે. તે સમયે દક્ષિણ અને પશ્ચિમ ભારતના અનેક વિસ્તારોમાં દુષ્કાળને કારણે

# તહેવારોની ગરિમા અને આપણા વસ્ત્રો

**માની આરાધનાનું પવિત્ર પર્વ નવરાત્રિમાં ગરબા મહોત્સવમાં કેટલીક યુવતીઓ મર્યાદા વગરના કે ટૂંકા વસ્ત્રો પહેરીને ગરબા રમે છે ત્યારે પ્રશ્ન એ થાય કે તેઓ સમાજને શું સંદેશ આપવા માગે છે? ફેશનને નામે પ્રદર્શિત થતી અર્ધનગ્નતા માટે ગરબા યોગ્ય સ્થળ કહેવાય કે ફેશન શો ? કોઈના પહેરવેશ પરથી એના ચરિત્રને Judge ન થાય પણ વિચારવું પડે કે, જે વસ્ત્રોમાં ઘરનાં પિતા કે ભાઈ પણ સામે જોવામાં અસ્વસ્થતા અનુભવાય એવા વસ્ત્રો પવિત્ર ઉત્સવોમાં શોભે?**

**किं वाससा तत्र विचारणीयम्, वासः प्रधानं खलु योग्यतायै ।**
**पीताम्बरं वीक्ष्य ददौ स्वकन्यां, दिगम्बरं वीक्ष्य विषं समुद्रः ॥**



ભૌતિક જગતમાં આંતરિક ગુણોને બદલે બાહ્ય દેખાવ અને વસ્ત્રોને વધુ મહત્વ છે એવું દર્શાવતો આ શ્લોક કહે છે કે સમુદ્રે ચામડાનાં વસ્ત્રો જોઈને શિવને ઝેર આપ્યું અને પીતાંબર જોઈને વિષ્ણુને દેવી લક્ષ્મી આપી.

આમ આ શ્લોક વસ્ત્રોનું મહત્વ સમજાવે છે. વસ્ત્રો ખૂબ અગત્યના છે, આદિ માનવથી આધુનિક માનવ બનવાની સફરમાં વસ્ત્રોએ પણ મહત્વનો ભાગ ભજવ્યો છે. આદિમાનવ અર્ધ નગ્ન કરતો અને આજે ફેશનના નામે અર્ધનગ્નતા ફેલાઈ રહી છે ત્યારે પ્રશ્ન થાય કે સાચે જ આપણે પ્રગતિ કરી? એ તો જે હશે તે પણ આધુનિક માણસે પ્રસંગાનરૂપ વસ્ત્રો પરિધાન કરવા એ તો માત્ર આપણી જ નહીં વિશ્વનાં પ્રત્યેક દેશની સંસ્કૃતિ છે, પણ આધુનિકતાના નામે સાંસ્કૃતિક મૂલ્યો સાથે બાંધછોડ થાય તો વિચારવું જોઈએ કે નહીં? રક્ષાબંધન વખતે ક્રિતી સેનને આભૂષણોની બ્રાન્ડ GIVAની કરેલી જાહેરાતમાં તેનાં કપડા માટે વિવાદ થયા બાદ કહ્યું હતું, આપણે સ્ત્રીઓને શું પહેરવું તે કહેવાનું ક્યારે બંધ કરીશું? સંસ્કૃતિ અને પરંપરા સ્ત્રીના હૃદયમાં રહે છે, તેના ગળામાં નહીં. એની વાત સાચી જ તો છે કે સંસ્કૃતિ અને પરંપરા સ્ત્રીઓના હૃદયમાં રહેલી છે અને સ્ત્રીઓએ જ એને જાળવી રાખી છે. પણ સંસ્કૃતિ અને પરંપરા જાળવી રાખવા માટે વસ્ત્રો પણ એક મહત્વનો ભાગ ભજવે છે. તેથી શોભા જાળવી રાખવા માટે અર્ધનગ્નતાની આવશ્યકતા છે ખરી? સ્ત્રીઓને શું પહેરવું અને શું ન પહેરવું એ કહેવાની જરૂર છે જ ક્યાં? પણ જો સમજફેર થાય વડીલોની વાતો ઉપદેશ કે ભાષણ નહીં પણ સમજણ કહેવાય! આધુનિકતા એટલે જ વસ્ત્રોથી માંડીને વર્તનમાં સમજણ, બુદ્ધિનો યોગ્ય ઉપયોગ. આથી આધુનિકતાને નામે પ્રસંગાનુરૂપ વસ્ત્ર પરિધાનની અવગણના કરવી કંઈ સ્ત્રીને મંજુર હોય?

**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**

આચાર્ય

વિનય મંદિર, દાંડી

જોકે હવે આધુનિકતાની સાથે આદર્શ બદલાઈ રહ્યા છે. આથી જો વસ્ત્રો કે વર્તન વિશે કંઈક કહેવાય તો આધુનિક પેઢીને બંધન લાગે અને એમાંય ખાસ તો સ્ત્રીઓને થાય કેમ બધાં જ બંધનો સ્ત્રીઓને? પણ જરા નિરાંતે વિચારીએ તો થાય કે શું ખરેખર એ બંધન છે કે રક્ષણ ? હાલમાં, માની આરાધનાનું પવિત્ર પર્વ નવરાત્રિમાં ગરબા મહોત્સવમાં કેટલીક યુવતીઓ મર્યાદા વગરના કે ટૂંકા વસ્ત્રો પહેરીને ગરબા રમે છે ત્યારે પ્રશ્ન એ થાય કે તેઓ સમાજને શું સંદેશ આપવા માગે છે? ફેશનને નામે પ્રદર્શિત થતી અર્ધનગ્નતા માટે ગરબા યોગ્ય સ્થળ કહેવાય કે ફેશન શો ? પવિત્ર નોરતાના દિવસોમાં આવો પહેરવેશ ખરેખર શોભે છે? આપણે લેખની શરૂઆતમાં જ કહ્યું છે કે પહેરવેશનું ઘણું મહત્વ છે, છતાં આપણે એમ કહીએ કે અહીં વાત કોઈના પહેરવેશ પરથી એના ચરિત્રને Judge કરવાની નથી, પણ વિચારવાની છે કે, જે વસ્ત્રોમાં ઘરના પિતા કે ભાઈ પણ સામે જોવામાં અસ્વસ્થતા અનુભવાય એવા વસ્ત્રો પવિત્ર ઉત્સવોમાં શોભે?

આજના સમયમાં વસ્ત્રસ્વાતંત્ર્ય અંગે ચર્ચાઓ થાય છે. દરેકને પોતાની પસંદગી -માણે વસ્ત્રો પહેરવાનો અધિકાર છે. કોઈના વસ્ત્રો પરથી તેનાં ચારિત્ર્યનું મૂલ્યાંકન કરવું અથવા પહેરવેશને આધારે કોઈને અપમાનિત કરવું એ યોગ્ય નથી, પણ સ્વતંત્રતાની સાથે વિવેક અને જવાબદારીનું પણ એટલું જ મહત્ત્વ છે ને ? શું સ્વતંત્રતાનો અર્થ સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભને અવગણવાની છૂટ છે? કોઈપણ પરંપરાગત કે ધાર્મિક -સંગની ગરિમા જાળવવાનો આગ્રહ એ વ્યક્તિની સ્વતંત્રતા પર અંકુશ કહેવાય કે પ્રસંગની ગરિમા?

જોકે છેક એવું પણ નથી કે પરંપરાગત વસ્ત્રો પહેરેલ વ્યક્તિ સજ્જન જ હોય અને માત્ર તેનાં વસ્ત્રોથી જ તહેવાર પવિત્ર બની જાય ! અને એવું પણ હોઈ શકે કે કોઈ વ્યક્તિ આધુનિક વસ્ત્રો પહેરીને સામાજિક મર્યાદા સંભાળીને પણ ભક્તિભાવથી તહેવારોની પવિત્રાતા જાળવતુ હોય. ક્યારેય પહેરવેશ ભક્તિમાં બાધા બનતો નથી પણ વસ્ત્રો આપણો પ્રથમ પરિચય હોવાથી વસ્ત્રો થકી તહેવારોની પવિત્રાતાના પતન અંગેની ચિંતા સહજ છે. ખરેખર તો તહેવારોની પવિત્રતા જાળવવા માટે માનવીની ગરિમા જાળવવી પડે, જ્યાં વ્યક્તિની સ્વતંત્રતા અને સુરક્ષાનું સન્માન હોય ત્યાં જ સાચી સાંસ્કૃતિક સભ્યતા વિકસે છે. આજ સુધી તહેવારોનું વ્યવસાયિકરણ તો બહુ સહજ થઈ ગયું હતું પણ હવે ચિંતા તહેવારોની ગરિમા અને મુખ્ય ઉદ્દેશ્યને ભૂલીને તહેવારોમાં ભળી રહેલી અશ્લીલતાની છે. જે માત્ર વસ્ત્રો પૂરતી મર્યાદિત નથી પણ વસ્ત્રો ઉપરાંત અશોભનીય ગીતો, સ્ત્રીઓ પ્રત્યે અપમાનજનક ટિપ્પણીઓ, સંમતિ વિના ફોટોગ્રાફી કે વીડિયો બનાવવો, અયોગ્ય સ્પર્શ, નશાની અસર હેઠળનું વર્તન અને અન્યની સલામતી પ્રત્યેની બેદરકારી જેવા બાબતોનો પણ એમાં સમાવેશ થાય છે. આથી યુવતીઓનાં પહેરવેશની સાથેસાથે યુવકોનું વર્તન, અશોભનીય ગીતો પ્રત્યેની જાગૃતિ આપણી જવાબદારી છે કારણ કે પ્રત્યેક નાનું પગલું મોટા રસ્તા પર આગળ વધે છે. આથી સંસ્કૃતિના રક્ષણ માટેની આપણી પાપા પગલી સૌએ કરવી જરૂરી છે ને !

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

● ધરમપુર
● નાનાપોંઢા
● કપરાડા
● મોટાપોંઢા

# કપરાડાના અસંખ્ય ગામો આજના ડિજિટલ યુગમાં પણ નેટવર્ક વિહોણા

**સરકારી ઉપરાંત અન્ય જરૂરી શિક્ષણ ,આરોગ્ય ,મતદાર નામ નોંધણી જેવી મહત્વની ઓનલાઈ કામગીરી નેટવર્ક ના અભાવે સમયસર પૂર્ણ થતી નથી.વર્ષો થી લોકો માં ફરીયાદો ઉઠી રહી છે.હાલે પણ સમસ્યા ઠેર ની ઠેર**

આજના ડિજિટલ યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે હરણફાળ કરી રહ્યું છે. આજે ૨૧ મી સદી માં જીવી રહેલા લોકો માટે ડગલ ને પગલે મોબાઈલ નેટવર્ક ની ફરજિયા જરૂરિયાત વર્તાય રહી છે. છતાં પણ કેટલાક ગ્રામ્ય વિસ્તારો માં મોબાઈલ નેટવર્ક સુવિધા પહોંચી નથી. હોવાની ફરિયાદો ઉઠી રહી. જેનું એક ઉદાહરણરૂપ વલસાડ જિલ્લા ના આંતરિયાળ વિસ્તાર માં પથરાયેલા કપરાડા તાલુકાના મોટાભાગ ના ગામોમાં નેટવર્કની સુવિધા નથી હોવાની વર્ષોથી લોકો ફરિયાદો કરી રહ્યા છે. છતાં આજે પણ લોકો વિવિધ પ્રકારના સરકારી યોજનાઓ, શિક્ષણ, આરોગ્ય ઉપરાંત અન્ય ઓનલાઈન કામગીરી માટે દૂર દૂર સુધી લાબું થવું પડે છે. સમય બગાડી અને આર્થિક નુકશાની ભોગવી રહ્યા છે. ઉલ્લેખનીય છે. કપરાડા તાલુકા ના આંતરિયાળ વિસ્તારોમાં આવેલી અસંખ્ય શાળાઓ, આંગણવાડીઓ, ગ્રામ પંચાયતો, આરોગ્ય કેન્દ્રોમાં ઓનલાઇન કામગીરી માટે ખૂબ મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. એક જાણકારી મુજબ આજ ના મોબાઈલ યુગમાં દરેક ઘરે સરેરસ બે મોબાઈલ હોવું સ્વભાવિક બન્યું છે. પરંતુ નેટવર્ક ના અભાવે રિચાર્જ કરેલા ડેટા પણ સમય મર્યાદા માં ઉપયોગ થતા નથી. કેટલાક વિસ્તાર માં ૭૯ફ૯ ટાવરો ઊભા કરાયા છે. પરંતુ રેન્જ ઓછી હોવાના કારણે લોકો માટે ઓનલાઇન નેટવર્ક મળતું નથી હોવાની વિગત મળવા પામી છે. કેટલીક ખાનગી કંપનીઓ પણ નેટવર્ક અંગે ની મોટી મોટી જાહેરાતો



**કપરાડાનો પત્ર**
**જગદીશ ભોયા, કપરાડા**

કરે છે. ખૂણે ખૂણે નેટવર્ક હોવાનો દાવો કરે છે. લોકો કંપની ની જાહેરાતો માં અંજાઈ જઈ સીમ ખરીદે છે. પરંતુ કપરાડા જેવા અંતરીયાળ ના અસંખ્ય ગામો મા ફોન પર વાત કરવી મુશ્કેલી ઉભી થઈ રહી છે. તો ઓનલાઈન કામગીરી કેવી રીતે શકય બને ? જેવી નેટવર્ક ની મોટી સમસ્યા સાથે જીવી રહેલા આજના ૨૧ મી સદી અને ૫૭ નેટવર્કના જમાનાના અને શિક્ષિત યુવક યુવતીઓ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઓનલાઈન જાણકારી મેળવી શકતા નથી. આ ઉપરાંત સરકારી યોજના અંગે જાણકારી મળી શકતી નથી આ ઉપરાંત શાળાઓ કરવી પડતી ઓનલાઈન કામગીરી સમયસર થતી નથી. જે ને લઈ શિક્ષકો માનસિક તણાવ માં મુકાય છે. જેનું એક જીવંત ઉદાહરણરૂપ કિસ્સો એક શિક્ષકે કરેલી આત્મહત્યા ગણાવી છે. આ ઉપરાંત આંગણવાડી વર્કરો માટે ડેટા એન્ટ્રી માટે પણ ખુબજ મુશ્કેલી પડી રહે છે. આ ઉપરાંત અન્ય મહત્વની ઓનલાઈન કામગીરી લોકો નેટવર્ક ના અભાવે સહેલાઈથી કરી શકતા નથી. આમ આજના ડિજિટલ યુગમાં પણ કપરાડા તાલુકાના અંતરીયાળ વિસ્તારના ગામોમાં નેટવર્કના અભાવે લોકો ૧૮ મી સદીનો અહેસાસ કરી રહ્યા હોવાનું જાણવા મળે છે. જે અંગે અનેક વાર જરૂઆતો થતી આવી છે. છતાં સમસ્યા નો હલ થયો નથી. જેથી લોકો ની મુશ્કેલી દિવસે ને દિવસે વધી રહી છે. જે અંગે તંત્ર સત્વરે સક્રિયતા દાખવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

## તાલુકાને અલગ અસ્તિત્વ મળ્યાને વર્ષ પૂર્ણ થવા આવ્યું છતાં શિક્ષણ શાખા શરૂ ન થઈ!

# નાનાપોંઢામાં શિક્ષણ વ્યવસ્થાને લઈને સવાલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૮ :** નાનાપોંઢા તાલુકાને અલગ તાલુકા તરીકેનું અસ્તિત્વ મળ્યા બાદ તાલુકા મથક નાનાપોંઢા ખાતે વિવિધ સરકારી કચેરીઓ કાર્યરત થઈ ગઈ છે. જોકે, શિક્ષણ વિભાગની શિક્ષણ શાખા હજી સુધી કાર્યરત ન થતાં શિક્ષક આલમમાં અનેક સવાલો ઊભા થયા છે. તાલુકાની રચનાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં શિક્ષણ શાખાની શરૂઆત ન થવી એ શિક્ષણ વિભાગની વહીવટી વ્યવસ્થાને લઈને ચર્ચાનો વિષય બન્યો છે.

નાનાપોંઢા તાલુકાની રચના બાદ તેમાં પારડી તાલુકાનાં કેટલાંક ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કપરાડા તાલુકામાંથી અલગ પડેલાં ગામોની શાળાઓ પણ નવા તાલુકાની વહીવટી વ્યવસ્થામાં આવી છે. પરિણામે આ ગામોમાં ફરજ બજાવતા શિક્ષકો માટે વહીવટી કામગીરી, માર્ગદર્શન અને વિવિધ શૈક્ષણિક પ્રક્રિયાઓને લઈને અવઢવની સ્થિતિ ઊભી થઈ રહી છે.

તાલુકાની પુનઃરચનાનો મુખ્ય હેતુ સ્થાનિક કક્ષાએ વહીવટી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો અને નાગરિકો તથા કર્મચારીઓને સરળતાથી સેવાઓ પૂરી પાડવાનો છે. પરંતુ નાનાપોંઢા તાલુકામાં શિક્ષણ શાખા કાર્યરત ન હોવાથી શિક્ષકોને જરૂરી કામગીરી માટે કઈ કચેરીનો સંપર્ક કરવો, વહીવટી માર્ગદર્શન ક્યાંથી મેળવવું અને વિવિધ પ્રશ્નોનો નિકાલ કેવી રીતે કરાવવો તે અંગે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાની સ્થિતિ સામે આવી રહી છે.

ખાસ કરીને અગાઉ પારડી અને કપરાડા તાલુકા સાથે સંકળાયેલી શાળાઓના શિક્ષકો માટે નવી વહીવટી વ્યવસ્થામાં સ્પષ્ટતા અને સુચારુ સંકલન જરૂરી બન્યું છે. શિક્ષણ ક્ષેત્રની કામગીરીમાં સમયસર નિર્ણય, કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ, શાળાઓને માર્ગદર્શન અને શૈક્ષણિક યોજનાઓના અમલીકરણ માટે તાલુકા કક્ષાએ સક્ષમ શિક્ષણ શાખા હોવી અત્યંત આવશ્યક છે. તાલુકાને અલગ અસ્તિત્વ મળ્યા બાદ પણ શિક્ષણ શાખા કેમ શરૂ થઈ નથી? આ પ્રશ્ન શિક્ષણ જગતમાં ચર્ચાઈ રહ્યો છે.

જ્યારે અન્ય વિભાગોની કચેરીઓ તાલુકા મથકે કાર્યરત થઈ ગઈ છે, ત્યારે શિક્ષણ વિભાગની કચેરી શરૂ કરવામાં વિલંબ થવાનું કારણ શું છે તે અંગે પણ શિક્ષકોમાં જિજ્ઞાસા જોવા મળી રહી છે.

આ પરિસ્થિતિમાં સંબંધિત શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય પગલાં લેવામાં આવે, નાનાપોંઢા તાલુકાની શિક્ષણ શાખા કાર્યરત કરવામાં આવે અને સમાવિષ્ટ ગામોની શાળાઓના શિક્ષકોને સ્પષ્ટ વહીવટી માર્ગદર્શન મળે તેવી શિક્ષણ જગતની અપેક્ષા છે.

હવે જોવાનું એ રહેશે કે સંબંધિત તંત્ર આ પ્રશ્નને કેટલી ગંભીરતાથી લઈને શિક્ષકોની અવઢવ દૂર કરે છે અને નાનાપોંઢા તાલુકામાં શિક્ષણ વિભાગની કામગીરીને સુવ્યવસ્થિત બનાવવા માટે ક્યારે નક્કર નિર્ણય લે છે.

# ચીવલમાં મોભીનું રહસ્યમય સંજોગોમાં મોત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૮ :** નાનાપોંઢા તાલુકાના ચીવલ ગામના ભવાની ફળિયામાં રહેતા કરશનભાઈ જગલાભાઈ નાયકનું આજે વહેલી સવારે અગમ્ય સંજોગોમાં મોત નીપજ્યું હતું. તેમના ઘરની પાછળ આવેલા ખેતરમાં આંબાના ઝાડની ડાળી પર તેમનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો ઘટના સ્થળે એકત્રિત થયા હતા. ત્યારબાદ સરપંચ મારફતે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટ મોર્ટમ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ અંગે મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# ધરમપુરમાં રેશનકાર્ડની નોટિસ મુદ્દે રજૂઆત : લાભાર્થીઓમાં ચિંતા

**મામલતદાર કચેરી દ્વારા નિયમ મુજબ કાર્યવાહી કરવાની ખાતરી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૮ :** ધરમપુર તાલુકામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ કેટલાક રેશનકાર્ડધારકોને નોન-એનએફએસએ (NON-NFSA) શ્રેણીમાં સમાવેશ કરવા અંગે મામલતદાર કચેરી દ્વારા નોટિસ આપવામાં આવતાં ગરીબ અને આદિવાસી પરિવારોમાં ચિંતા જોવા મળી રહી છે. આ નોટિસને પગલે અસરગ્રસ્ત પરિવારોની પાત્રતા અને આવકના પુરાવાની યોગ્ય ચકાસણી કરવામાં આવે તેવી માગ સાથે રજૂઆત કરવામાં આવી છે. નોટિસ મળવાનો અર્થ રેશનકાર્ડ બંધ થઈ ગયું એવો નથી, પરંતુ સરકારી અનાજના લાભ માટેની પાત્રતા અંગેની કાર્યવાહી સાથે તેનો સંબંધ છે.

આ મુદ્દે વલસાડ જિલ્લા કોંગ્રેસના અનુસૂચિત જનજાતિ (એસ.ટી.) સેલના પ્રમુખ રાહુલ પટેલની આગેવાનીમાં સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. નાનીવહિયાળના પૂર્વ સરપંચ દિલીપભાઈ પટેલ અને પૂર્વ તાલુકા કારોબારી સભ્ય રાજેશભાઈ પટેલ પણ આ રજૂઆતમાં જોડાયા હતા. તેમણે ગરીબ અને આદિવાસી પરિવારોની વાસ્તવિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખી યોગ્ય તપાસ બાદ નિર્ણય લેવામાં આવે તેવી માગ કરી હતી.

આ અંગે મામલતદાર કચેરીમાંથી મળેલી માહિતી મુજબ, જે રેશનકાર્ડધારકોની વાર્ષિક આવક છ લાખ રૂપિયાથી ઓછી હોય તેમણે આવકના પુરાવા સાથે પોતાની રજૂઆત કરવી જોઈએ. લાભાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો અને વિગતોની ચકાસણી કર્યા બાદ નિયમો અનુસાર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. તેથી નોટિસ મેળવનારા પરિવારોને પોતાની આવકના પુરાવા અને જરૂરી દસ્તાવેજો સાથે મામલતદાર કચેરીનો સંપર્ક કરવા અનુરોધ છે. રજૂઆત અને પુરાવાના આધારે લાભાર્થીઓ ની પાત્રતા ચકાસીને નિયમ મુજબ નિર્ણય લેવામાં આવશે.

# ધરમપુરમાં ઠેર ઠેર નવરાત્રિનો રંગ જામ્યો





**ધરમપુર, તા.૧૮ :** ધરમપુર શહેરમાં નવરાત્રિના પાવન પર્વની ભક્તિભાવ, આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે. શહેરનાં પૌરાણિક મંદિરો, શાળા પરિસરો, વિવિધ વિસ્તારો અને સોસાયટીઓમાં માતાજીના ગરબાની રમઝટ જામી છે. પરંપરાગત વેશભૂષામાં સજ્જ યુવક-યુવતીઓ સહિત મોટી સંખ્યામાં ગરબા રસિકો માતાજીની આરાધના સાથે ગરબે ઘૂમી નવરાત્રિ પર્વનો આનંદ માણી રહ્યા છે. શહેરમાં મોડી રાત સુધી ગરબાની રમઝટ વચ્ચે નવરાત્રિનો અનોખો રંગ જોવા મળી રહ્યો છે. ધરમપુરના પૌરાણિક લક્ષ્મીનારાયણ મંદિર પરિસરમાં વર્ષોથી ચાલી આવતી ગરબાની પરંપરા આજે પણ અકબંધ રહી છે. અહીં માતાજીના ગરબામાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ જોડાઈ રહ્યા છે. કેડિયાં, ચણિયાચોળી, ઘાઘરા અને કુર્તી જેવા પરંપરાગત પહેરવેશમાં સજ્જ યુવક-યુવતીઓ લયબદ્ધ તાલે ગરબે ઘૂમી ધાર્મિક આસ્થા અને સાંસ્કૃતિક પરંપરાનો સુંદર સમન્વય રજૂ કરી રહ્યા છે. માતાજીની આરાધના સાથે ગરબાના તાલે ઝૂમતા ખેલૈયાઓના ઉત્સાહથી મંદિર પરિસર ભક્તિમય બની રહ્યું છે.

એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ પરિસરમાં સૌરાષ્ટ્રવાસીઓ દ્વારા ગરબાની ઉજવણી રંગેચંગે કરવામાં આવી રહી છે. પરંપરાગત ગરબા અને સંગીતના તાલે ખેલૈયાઓ ઉત્સાહપૂર્વક ગરબે ઘૂમી રહ્યા છે. આ ઉપરાંત -ભુ ફળિયા ખાતે યુવા સંગઠનો દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં યુવાનો સહિત ગરબા રસિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બીજી તરફ, આસુરા ઝાંપા ખાતે ગરબા અને દાંડિયા રાસની રમઝટ જામી છે. અહીં મોટી સંખ્યામાં યુવાઓ દાંડિયા રાસ અને ગરબામાં જોડાઈ નવરાત્રિની મોજ માણી રહ્યા છે. જ્યારે આસુરા ચોકડી ખાતે પરંપરાગત ગરબાઓના તાલે એક તાલે અને એક સૂરે ગરબા રસિકો ઝૂમી ઊઠે છે. પરંપરાગત ગરબાની લય અને ખેલૈયાઓના ઉત્સાહથી આ વિસ્તારોમાં નવરાત્રિનો માહોલ વધુ રંગીન બની રહ્યો છે. આ ઉપરાંત ધરમપુરના ગાર્ડન રોડ, દસોંદી ફળિયું, મહાલક્ષ્મી સોસાયટી સહિત શહેરના વિવિધ વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ નવરાત્રિ પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. ઠેરઠેર માતાજીની આરાધના, ગરબાના તાલ અને પરંપરાગત વેશભૂષામાં સજ્જ ખેલૈયાઓની હાજરીથી સમગ્ર વિસ્તાર નવરાત્રિના રંગે રંગાયો છે.

## શિક્ષકો પર વધતું ઓનલાઈન કામગીરીનું ભારણ: શિક્ષક કે ડેટા એન્ટ્રી ઓપરેટર?

# આત્મહત્યાની કરૂણાંતિકા બાદ શું બદલાશે સ્થિતિ?

તાજેતરમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના દિવસી ગામની નીલોસી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષક સ્વ. શંકરભાઈ જાદવના અકાળ અવસાને સમગ્ર ગુજરાતના શિક્ષણ જગતને હચમચાવી મૂક્યું છે. તેમણે જીવન ટૂંકાવતા પહેલાં લખેલી સુસાઈડ નોટમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો કે શાળામાં વધતા જતાં ઓનલાઈન કામગીરીના અસહ્ય ભારણ અને તણાવના કારણે તેઓ આ આત્યંતિક પગલું ભરી રહ્યા છે.

આ કોઈ માત્ર એક વ્યક્તિગત ઘટના નથી, પરંતુ રાજ્યભરના હજારો શિક્ષકો જે તણાવ અને પીડામાંથી પસાર થઈ રહ્યા છે તેની એક વરવી વાસ્તવિકતા છે. આ કરૂણાંતિકા બાદ સમગ્ર રાજ્યમાં શિક્ષક સંગઠનો, શિક્ષણપ્રેમીઓ અને વાલીઓમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. આવેદનપત્રો, વિરોધ પ્રદર્શનો અને રજૂઆતોનો દોર શરૂ થયો છે. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે શું આ ઘટના બાદ ખરેખર શિક્ષકો પરનું ઓનલાઈન ભારણ ઓછું થશે? શું સરકાર આ ગંભીર મુદ્દે સંવેદનશીલતાથી વિચારણા કરીને કોઈ નક્કર નિર્ણય લેશે?

ઓનલાઈન કામગીરીનો અતિરેક વર્ગખંડથી દૂર થતો શિક્ષક

છેલ્લા કેટલાક વર્ષોમાં શિક્ષણ ક્ષેત્રે ટેકનોલોજી અને ડિજિટલાઈઝેશનનો વ્યાપ ખૂબ વધ્યો છે. કાગળ પરની પ્રક્રિયાઓ ઘટાડવા અને પારદર્શિતા લાવવાના નામે વિવિધ પોર્ટલ, એપ્લિકેશન્સ અને ઓનલાઈન ફોર્મ્સ શરૂ કરવામાં આવ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ વ્યવસ્થા શિક્ષકો માટે સુવિધા બનવાને બદલે શારીરિક અને માનસિક બોજ બની ગઈ છે.

આજે એક શિક્ષકે વર્ગખંડમાં ભણાવવા ઉપરાંત નીચે મુજબની અસંખ્ય ઓનલાઈન કામગીરીઓ કરવી પડે છે

દૈનિક ઓનલાઈન હાજરી શિક્ષકો અને વિદ્યાર્થીઓની રોજેરોજ એપ દ્વારા હાજરી પૂરવી.

વિવિધ પોર્ટલ્સ પર ડેટા એન્ટ્રી બાળ ગણના, સરકારી યોજનાઓની માહિતી, શિષ્યવૃત્તિ, ગણવેશ તથા પુસ્તક વિતરણની ઓનલાઈન નોંધ.

મૂલ્યાંકન અને કસોટીના ગુણની એન્ટ્રી એકમ કસોટીઓ (SAT), સત્રાંત પરીક્ષાઓ અને મિશન વિદ્યા કે ગુણોત્સવ અંતર્ગત વિવિધ ડેટા અપલોડ કરવો.

અન્ય બિન-શૈક્ષણિક ઓનલાઈન સર્વે આધાર કાર્ડ લિંકિંગ, બેંક એકાઉન્ટ ડિટેલ્સ અપડેટ કરવી અને અવારનવાર મંગાવાતી માહિતીઓની ત્વરિત એન્ટ્રી.

આ કામગીરીઓમાં સૌથી મોટી સમસ્યા એ છે કે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં નેટવર્ક કે કનેક્ટિવિટીની કાયમી સમસ્યા હોય છે. નેટવર્ક ન મળવાના કારણે શિક્ષકોએ મોડી રાત સુધી કે પોતાના ઘરે જઈને પણ આ કામ પૂરું કરવું પડે છે. પરિણામે શિક્ષક રાત-દિવસ ટેન્શનમાં રહે છે.

**ઓફલાઈન કામગીરી અને શિક્ષણનું સ્તર**

શિક્ષકો સાથેની વાતચીત અને ભૂતકાળના અનુભવો પર નજર કરીએ તો ચિત્ર સ્પષ્ટ થાય છે. કેટલાક દાયકાઓ પહેલાં ઓનલાઈન પોર્ટલ કે અતિશય કાગળીયા કામગીરી નહોતી. ત્યારે શિક્ષકનું સંપૂર્ણ ધ્યાન માત્ર અને માત્ર વર્ગખંડ, બાળકના માનસ અને તેના શિક્ષણ પર રહેતું હતું.

**અગાઉની સ્થિતિ**

શિક્ષક શાળાએ આવતો, બાળકને પ્રેમથી ભણાવતો, તેની નબળાઈઓ ઓળખીને તેને સુધારવાનો પ્રયાસ કરતો. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે એક ગુરુ-શિષ્યનો આત્મીય સંબંધ બંધાતો. પરિણામે બાળકોમાં પાયાનું જ્ઞાન, વાચન, ગણન અને લેખન કૌશલ્ય ખૂબ જ મજબૂત બનતું.



**નાનાપોંઢાનો પત્ર**
**ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા**

આજે ચિત્ર તદ્દન ઉલટું છે. વર્ગખંડમાં દાખલ થતાં જ શિક્ષકના મગજમાં એ ચિંતા હોય છે કે આજે કયો ડેટા અપલોડ કરવાનો છે, કયો રિપોર્ટ મોકલવાનો છે કે કયા પોર્ટલ પર એન્ટ્રી બાકી છે. આ સિવાય વર્ષ દરમિયાન અસંખ્ય ઉજવણીઓ, કાર્યક્રમો, સપ્તાહો અને પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ પાડીને ગ્રુપમાં મોકલવાની કામગીરી મુખ્ય બની ગઈ છે.

આ પરિસ્થિતિના કારણે વર્ગખંડમાં શૈક્ષણિક સમય ઘટી રહ્યો છે. શિક્ષક ઈચ્છવા છતાં પણ બાળકોને પૂરતો સમય આપી શકતો નથી, જેની સીધી અસર શિક્ષણની ગુણવત્તા પર પડી રહી છે.

**મુખ્ય શિક્ષકો (Headmasters) અને શિક્ષકોની માનસિક સ્થિતિ**

શાળાના વડા એટલે કે મુખ્ય શિક્ષક (એચ-ટાટ શિક્ષકો)ની હાલત આ વ્યવસ્થામાં સૌથી વધુ કફોડી બની છે. મુખ્ય શિક્ષકે શાળાનું શૈક્ષણિક સંચાલન કરવાનું હોય છે, પરંતુ હાલમાં તેઓ માત્ર એક કો-ઓર્ડિનેટર કે ડેટા સુપરવાઈઝર બનીને રહી ગયા છે.

ઉચ્ચ અધિકારીઓ તરફથી અવારનવાર ડેડલાઈન આપવામાં આવે છે અને આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં ડેટા નહીં ભરાય તો પગાર અટકાવવામાં આવશે કે શિક્ષાત્મક પગલાં લેવાશે જેવી ધમકીભરી સૂચનાઓ મળે છે.

રોજબરોજના આ તણાવના કારણે મુખ્ય શિક્ષકો અને શિક્ષકો બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, નપુંસકતા જેવી માનસિક અને શારીરિક બીમારીઓનો ભોગ બની રહ્યા છે.

શિક્ષક સમાજમાં સન્માનની નજરે જોવાય છે, પરંતુ આવી બિન-શૈક્ષણિક કામગીરી અને અધિકારીઓની કડક ભાષાના કારણે શિક્ષકો પોતાના આત્મસન્માનમાં ઘટાડો અનુભવી રહ્યા છે. સ્વ. શંકરભાઈ જાદવનો કેસ આ માનસિક તણાવની જ ચરમસીમા દર્શાવે છે.

શિક્ષક સમાજની એક જ પોકાર અમને માત્ર ભણાવવા દો

દિવસેને દિવસે જટિલ બનતી જતી આ પરિસ્થિતિ વચ્ચે સમગ્ર રાજ્યના શિક્ષક સમાજમાંથી એક જ અવાજ અને માંગણી ઉઠી રહી છે શિક્ષકનું કામ માત્ર અને માત્ર શિક્ષણ આપવાનું છે, તેથી તેમને અન્ય તમામ બિન-શૈક્ષણિક અને અતિશય ઓનલાઈન કામગીરીમાંથી **કાયમી મુક્તિ આપવામાં આવે.**

શિક્ષક સંગઠનો દ્વારા કરવામાં આવેલી મુખ્ય રજૂઆતો અને સૂચનો નીચે મુજબ છે

ડેટા એન્ટ્રી ઓપરેટરની નિમણૂક દરેક શાળા અથવા ક્લસ્ટર (CRC) કક્ષાએ ડેટા એન્ટ્રી માટે અલગથી ક્લાર્ક કે કમ્પ્યુટર ઓપરેટરની નિમણૂક કરવામાં આવે, જેથી શિક્ષકે કમ્પ્યુટર પર બેસવું ન પડે.

એક જ એકીકૃત (Unified) પોર્ટલેં અલગ-અલગ ડઝનબંધ એપ્લિકેશનો અને પોર્ટલના બદલે તમામ માહિતી માટે એક જ સરળ સિસ્ટમ હોવી જોઈએ, જેમાં વારંવાર એકની એક માહિતી ભરવી ન પડે.

અધિકારીઓના તણાવમુક્ત વ્યવહાર શિક્ષકો સાથે આદરપૂર્વક વ્યવહાર થાય અને ડેડલાઈનના નામે માનસિક શ્રમ કે ટોર્ચર આપવાનું બંધ થાય.

બિન-શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર રોક વિવિધ સર્વે, વસ્તી ગણતરી કે અન્ય સરકારી કાર્યક્રમોમાં શિક્ષકોની ડ્યુટી રોકવા પર મનાઈ હોવી જોઈએ.

**શું સરકાર ઓનલાઈન ભારણ ઓછું કરશે? ભવિષ્યની શક્યતાઓ**

કપરાડાની ઘટના બાદ શાસક અને વિપક્ષ બંનેમાં આ મુદ્દે ચર્ચાઓ જાગી છે. વિવિધ પ્રાથમિક શિક્ષક સંઘોએ મંત્રીઓ અને સચિવોને આવેદનપત્રો આપીને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો શિક્ષકો પરનું ભારણ નહીં ઘટે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ માટે આ ઘટના આંખ ઉઘાડનારી છે. જાહેર જનતા અને શિક્ષકોમાં વધી રહેલા અસંતોષને ધ્યાનમાં રાખીને સરકાર નીચે મુજબના પગલાં વિચારી શકે છેં

ઓનલાઈન પ્રક્રિયાઓનું સરળીકરણ નકામી કે પુનરાવર્તિત (repetitive) થતી ઓનલાઈન એન્ટ્રીઓ રદ કરવામાં આવી શકે છે.

નિયમોમાં છૂટછાટ નેટવર્ક કે ટેકનિકલ ખામી સમયે સમયમર્યાદામાં રાહત આપવાના આદેશો છૂટી શકે છે.

કમીટીની રચના શિક્ષકોની સમસ્યાઓ સમજવા અને શૈક્ષણિક વાતાવરણ સુધારવા માટે એક ખાસ કમિટીની રચના કરીને અહેવાલ મંગાવવામાં આવી શકે છે.

જોકે, માત્ર આશ્વાસન કે કાગળ પરના પરિપત્રોથી સ્થિતિ બદલાશે નહીં. જો સરકાર ખરેખર સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા માંગતી હોય અને સ્વ. શંકરભાઈ જેવા શિક્ષકોના બલિદાનને માન આપવા માંગતી હોય, તો સરકારે નીતિગત નિર્ણય લઈને શિક્ષકોને ડેટા કલેક્ટરમાંથી મુક્ત કરીને ફરીથી સાચા અર્થમાં જ્ઞાનના દાતા કે શિક્ષક બનાવવા પડશે. શિક્ષણ એ રાષ્ટ્રના નિર્માણનો પાયો છે અને શિક્ષક એ પાયાનો ઘડવૈયા છે. જો ઘડવૈયો જ માનસિક તણાવ અને ઓનલાઈન કામગીરીના બોજ હેઠળ દબાયેલો રહેશે તો દેશનું ભવિષ્ય એવા બાળકોનું ઘડતર યોગ્ય રીતે થઈ શકશે નહીં. કપરાડાના શિક્ષકની આત્મહત્યા એ સમગ્ર સિસ્ટમ માટે લાલબત્તી સમાન છે. હવે સમય આવી ગયો છે કે સરકાર, શિક્ષણવિદો અને સમાજ સાથે મળીને આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવે અને શિક્ષકને તેનું મૂળ કામ—એટલે કે માત્ર અને માત્ર બાળકોને ભણાવવાનું કામ કરવા માટે મુક્ત વાતાવરણ પૂરું પાડે.

# અન્ય સમાચારો



દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Monday 19, October 2026

## એકતા દેખાડવાનો અને લડાઈ ચાલુ રાખવાનો સંઘર્ષ

વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટ સામે મોરચો કાઢીને શક્તિ પ્રદર્શન કર્યા પછી જંતરમંતરમાં પ્રવેશબંધી તોડવાની સ્પર્ધામાં કોકરોચ પાર્ટીના લોકો બાજી જીતી ગયા હોવાની છાપ પડી તે ભૂંસવા, સુધારવા માટે રાહુલ ગાંધીએ ઈન્ડિયા મોરચા ઉપરાંત અન્ય પક્ષોના નેતાઓને ચાય પાર્ટી માટે આમંત્ર્યા અને તમામ રાજકીય પક્ષો - ભાજપ સહિત - અમારી સાથે જોડાઈ શકે છે - એવી જાહારત કરી. મલ્લિકાર્જુન ખડગેએ પણ પત્રકારોને કહ્યું કે, કોઈ સાથે મતભેદ નથી - અમે બધા સાથે જ છીએ. વિપક્ષી એકતા બતાવવાની અને જારી રાખવાની અનિવાર્યતા રાહુલ ગાંધી સમજે-સ્વીકારે છે અને કાર્યકરો તથા લોકોના જુસ્સાનો જુવાળ ઓસરી જાય નહીં તે માટે જ એમણે ફરીથી ગેરન્ટી આપી છે કે વોટચોરી બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને સજા થશે જ. આ લડાઈમાં કોઈ જુદા-અલગ નથી. દેશમાં લોકતંત્ર ફરીથી સ્થાપવામાં સૌ એકમત છીએ. વોટચોરી સામે આ એક સંયુક્ત લડાઈ છે. રાહુલ ગાંધી કહે છે કે, લડાઈ આજે, આવતીકાલે નહીં તો ભલે ત્રણ મહિના થાય - ચાલુ જ રહેશે. બંધ નહીં થાય. અમારા વ્યૂહની માહિતી આપી શકાય નહીં. જંતરમંતરની બંધી સામે પણ અમારો સૌનો વિરોધ છે. લડાઈ ચાલુ રહેશે એવી ખાતરી પાછળનું કારણ છે, ચા-પાણીની પાર્ટીમાં કેટલાક સિનિયર નેતાઓનું સૂચન હતું કે, તહેવારો-ઉત્સવના દિવસો છે. દશેરાથી દિવાળી સુધી બ્રેક રાખીએ. આ સાથે છઠ્ઠનો મોટો તહેવાર પણ છે અને અધૂરામાં પૂરું જે રાજ્યોમાં વિધાનસભાઓની ચૂંટણી છે, ત્યાંના રાજકીય પક્ષો અને નેતાઓએ ચૂંટણી-પ્રચારમાં રહેવું પડશે તેથી આ સમયગાળામાં આંદોલન દિલ્હીને બદલે પ્રાદેશિક રાખવું જોઈએ, પણ આ સામે એવી દલીલ થઈ કે આપણા વકીલો સુપ્રીમ કોર્ટ વચગાળાનો હુકમ આપીને મતદારયાદી સુધારણા તાત્કાલિક રોકે, બંધ કરાવે એવા પ્રયાસ કરી રહ્યા છે અને વચગાળાનો મનાઈહુકમ આવે, તો ચૂંટણીમાં આપણા માટે લાભકર્તા હશે. એક સભ્યે તો લડાઈ દિલ્હીથી ખસેડીને વારાણસી લઈ જવાનું સૂચન કર્યું, પણ મોટા ભાગના નેતાઓ દિલ્હીમાં જ લડાઈનું કેન્દ્ર રાખવાનો આગ્રહ રાખ્યો અને આખરે રાહુલ ગાંધીએ લડાઈ ચાલુ જ રહેશે એવી જાહેરાત કરી. રાહુલ ગાંધી શક્તિ પ્રદર્શન પછી વધુ આક્રમક બની રહ્યા છે, ત્યારે ભાજપે પણ વાક્યુદ્ધમાં સિનિયર નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે. ગૃહપ્રધાન અમિત શાહે વિરોધીઓની દલીલ અને મુદ્દાઓનો છેદ ઉડાડતાં કહ્યું કે, મતદારોની યાદી સુધારવાની શરૂઆત ૨૦૨૪માં થઈ અને સપ્રીમ કોર્ટની મંજૂરીથી થઈ છે, પણ તે પહેલાં ઘણાં રાજ્યોમાં કોંગ્રેસે દાયકાઓથી જનતાનો વિશ્વાસ અને સત્તા ગુમાવી છે તે કેમ ભૂલી જાય છે? સંયોગવશાત્ ગુજરાતમાં ગાંધીનગરની સુધરાઈનાં પરિણામ આવ્યાં તેમાં અને રાજસ્થાનમાં પણ કોંગ્રેસના ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી છે તેની માહિતી આપીને અમિત શાહે કહ્યું કે, રાહુલ ગાંધી ઘૂસણખોરો અને વોટ બેન્ક બચાવવા માટે લડી રહ્યા છે. આ લડાઈ ટૂંકી-લાંબી ચાલશે. હવે મહત્ત્વની વાત એ છે કે, બન્ને પક્ષ સામે પડકાર તો લોકોનો વિશ્વાસ જીતવાનો છે. કેન્દ્ર સરકારની કોઈ સીધી ભૂમિકા નથી છતાં દેખાવકારોનાં સૂત્રો પછી છાપ એવી ઊભી થઈ કે, આ ઘર્ષણ વિદ્યાર્થીઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે છે. વાસ્તવમાં વિરોધ છે ચૂંટણી કમિશનરનો. સરકારની ભૂમિકા વિશે તો ફક્ત એક વર્ગને શંકા છે. સંઘર્ષ લાંબો છે અને સૌએ એ યાદ રાખવાનું છે કે, આ ચૂંટણી જીતવા જેવું સહેલું કામ નથી, અહીં તો પ્રજાનો વિશ્વાસ જીતવાનો છે - એ પ્રજાનો જે ચૂંટણી જીતાડે અને હરાવે છે.

## SCO બેઠકમાં રાજનાથ સિંહ ભારતનું પ્રતિનિધિત્વ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૮ : રક્ષા મંત્રી રાજનાથ સિંહ ૧૯-૨૦ ઓક્ટોબરના રોજ યોજાનાર શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ (CHG)ની ૨૫મી બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા દુશાંબે, તાજિકિસ્તાનની મુલાકાત લેશે.આ બેઠક SCO સભ્ય દેશો વચ્ચે બહુપક્ષીય સહયોગને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, ખાસ કરીને વેપાર, અર્થતંત્ર, રોકાણ, કનેક્ટિવિટી, નવીનતા અને સાંસ્કૃતિક-માનવતાવાદી આપ-લેના ક્ષેત્રોમાં. તે ચાલુ સહયોગ પહેલોની પ્રગતિની સમીક્ષા કરશે અને સંસ્થાની નાણાકીય અને સંસ્થાકીય કામગીરીને લગતા નિર્ણયો પર વિચારણા કરશે તેવી પણ અપેક્ષા છે.રક્ષામંત્રી રાજનાથ સિંહ તાજિકિસ્તાનમાં SCO કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ બેઠક SCO સભ્ય દેશો વચ્ચે બહુપક્ષીય સહયોગને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.ભારત વિવિધ SCO મિકેનિઝમ્સમાં સક્રિયપણે જોડાયેલું રહે છે અને સ્ટાર્ટ-અપ્સ અને નવીનતા, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોકો-થી-લોકોના સંપર્ક જેવા ક્ષેત્રોમાં પહેલો દ્વારા પ્રાદેશિક સહયોગમાં યોગદાન આપવાનું ચાલુ રાખે છે. આ બેઠક ભારતને સંસ્થાની અંદર વ્યવહારુ અને પરસ્પર લાભદાયી સહયોગને આગળ વધારવા અંગે અન્ય SCO સભ્ય દેશો સાથે વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક પૂરી પાડશે.

અગાઉની CHG બેઠક ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મોસ્કો, રશિયા ખાતે યોજાઈ હતી, જ્યાં ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કર્યું હતું.

## ઈટલી અને ફ્રાન્સમાં મોંઘવારી વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

ફ્રાન્સ, તા.૧૮

યુરોપમાં મોંઘવારી વિરુદ્ધ લોકો રસ્તા પર ઉતરવા લાગ્યા છે. ખાસ કરી ઈટલી અને ફ્રાન્સમાં મોટા પાયે પ્રદર્શન થઈ રહ્યાં છે. આ દરમિયાન હિંસા અને આગકાંડના પણ સમાચાર છે. પ્રદર્શનકારીઓએ દુકાનોમાં લૂંટફાટ કરી, વાહનો અને અન્ય સંપત્તિઓમાં આગ લગાવી. સ્થિતિ કાબુમાં લેવા માટે પોલીસે ટિયરગેસના સેલ છોડ્યા અને વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. ફ્રાન્સમાં પોલીસે ઓછામાં ઓછા ૨૭૨ લોકોની ધરપકડ કરી જ્યારે ઈટલીના મિલાનમાં આશરે ૫૦ પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી.ઈટલીના મિલાનના મધ્ય હિસ્સામાં શનિવારે પ્રદર્શનકારીઓએ પોલીસ સાથે ઘર્ષણ બાદ દુકાનોમાં લૂંટ ચલાવી અને સંપત્તિઓમાં આગ લગાવી. હિંસાને કારણે પિયાજા ડેલ ડુઓમો ચોક અને મોંઘી વસ્તીઓની દુકાનોની એક બજાર ખાલી થઈ ગઈ, જ્યાં સામાન્ય રીતે ભીડ જોવા મળે છે. અલગ-અલગ જગ્યાએ યુદ્ધ અને વધતી મોંઘવારી વિરુદ્ધ કાઢવામાં આવેલી માર્ચ શાંતિપૂર્ણ રીતે શરૂ થઈ હતી.

## દમણગંગા ટાઇમ્સ CORPORATE NEWS

## પારસ હેલ્થકેર લિમિટેડનો પ્રારંભિક જાહેર ભરણો બુધવારથી ખુલશે

**સુરત, તા. ૧૬ :** પારસ હેલ્થકેર લિમિટેડ તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટે ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના બુધવારથી બિડ/ઓફર પ્રક્રિયા શરૂ કરશે.આઈપીઓ માટે ઈક્વિટી શેર દીઠ રૂ. ૬૬૦થી રૂ. ૬૯૩નો પ્રાઈઝ બેન્ડ("Price Band") નક્કી કરવામાં આવ્યો છે.

રોકાણકારો ઓછામાં ઓછા ૨૧ ઈક્વિટી શેર માટે બિડ અને ત્યારબાદ ૨૧ શેરના ગુણાંકમાં વધુ શેર માટે બિડ કરી શકાશે.એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ના સોમવારની રહેશે. જ્યારે સામાન્ય રોકાણકારો માટે બિડીંગ અને ઓફર પ્રક્રિયા ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના બુધવારે શરૂ થશે.

આ આઈપીઓમાં રૂ. ૫૦૦ કરોડ સુધીના ફ્રેશ ઈક્વિટી શેર અને વેચાણકર્તા શેરધારક દ્વારા રૂ. ૯૫૦ કરોડ સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. આમ, ઓફર સાઈઝ રૂ. ૧,૪૫૦ કરોડ સુધીની રહેશે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૧ છે.રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા દીઠ રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.

## વિસરાતી વાનગી ખંડુરિયું સૂરણ





નવરાત્રિની આઠમ આવે એટલે વલસાડ પારડીથી સતીશ દેસાઈ પૂછે, કાલે આઠમ છે તે ખંડુરિયુ બાફ્વાનો છું! એટલે બકુબેન હા પાડી જ દે કે મોકલજે. એણે મને સરસ માહિતી આપી કે 'કંડુ' એટલે ખંજવાળ તેના પરથી અપભ્રંશ 'ખંડુરિયું' કહેવાયું. જેને આવડે તે જ સમારી શકે, બાફી શકે અને બનાવી શકે. સતીશ અમૃતલાલ દેસાઈને ત્યાં આ પરંપરા પાંચ પેઢીથી ચાલી આવે છે. તે પહેલાં નેવું વર્ષનાં માજીનો ઉલ્લેખ કરી દઉં. એ ભીમભાઈ જીવણજીની દીકરી ગામની કાલુફૂઈ આજે પણ ખંડુરિયું બનાવીને માતાજીને પ્રસાદ ચઢાવે છે. વલસાડપારડીમાં શાન્તાકાકી, તારા અને કમ્બાએ( કમુબા) આ પ્રથા શરૂ કરેલી. હનુમાન ભાગડે નદી કિનારેથી ખટામડાંનો પાલો લાવવાનો, સૂરણ ઘી કે તેલ હાથે લગાવી સમારવાનું નહીં તો ખંજવાળ આવે એટલે એ કથોરું કામ કહેવાય! ખટામડાંના પાલા સાથે એને બાફવાનું તો ખાતી વખતે ગળામાં ખણે નહીં! એ રીત સ્વાતિ (સતીશની જીવનસંગિની), પુત્રવધૂ શ્વેતાએ પણ -થા જાળવી રાખી છે. શ્વેતા લાડકી પુત્રવધૂ એટલે બનાવીને તૈયાર ખવડાવવાનો આગ્રહ હવે સતીશે છોડી દીધો છે બાકી એ પણ સમારીને છૂંદવામાં તો કલાક કાઢે જ! તારા અને ત્રિપુટી તો 'દોઢથી બે મણ' સૂરણ બાફતી, ભરપેટ ઘીમાં સાંતળતી તે પહેલાં એમાં આદુ, મરચાં, મીઠું કે સિંધવ, લીલી હળદર અને ગોળ-આમલી ફૂટતાં ( સારા એવા) નાંખે અને સૂરણ બરાબર ઘી છોડે પછી તપેલો ઉતારીને ગામ બધે વહેંચે. આ પરંપરા તો જાણે એક ઉત્સવ હતી. સતીશને ત્યાં આ સૂરણ જરિયાના નટુભાઈએ બાફ્યું છે. હવે તો એમને ગ્લજ઼ મળે છે. આ સૂરણ કહેવાય જંગલી, એની મેળે ઊગે અને એક ગાંઠમાંથી બીજી એમ ફેલાય! હવે એની અછત છે એટલે જ શીર્ષક આપ્યું કે વિસરાતી વાનગી.

મારી પણ આ સૂરણ માટેની સ્મૃતિઓ છે. સાસુબાઈને આ સૂરણ ખૂબ ન્પ્રિ હતું, બફાઈને તો વાડીથી આવે પરંતુ કોઈ વાર ઘરે પણ સાફ કરવું પડતું તો ઢેડકીફુઈ અને અમ્બીફુઈ સમારી આપતાં. અમ્બીફુઈનો રુઆબ તો બાઈ જેવો જ! સૂરણ બાફે કે બનાવે તેને અમારે મદદ કરવાની પરંતુ તપેલું ચૂલે ચઢે પછી મજાલ છે કોઈની કે એમને છેડે! અમારે દૂધપૌંઆ જેવાં કામ કરવાનાં. લીલી હળદર, આદુ, મરચાં સમારી વાટી આપવાનાં, ગોળ કાપીને ઓગળતો કરવાનો, આમલી પલાળી બરાબર નીચોવી ગાળીને હાથમાં તૈયાર મૂકવાની. યાદ રાખીને આ કાકી, પેલા કાકા, પેલી ફુઈ એમ બધબધે મોકલવાનું. વહેંચીને ખાવાનાનો પાઠ અકબંધ પાળવાનો! બાઈ ગયાં એટલે સૂરણ ગયું પરંતુ સતીશને ખબર પડી એટલે પહેલાં સ્વાતિ અને હવે શ્વેતાએ મોકલવાનું શરૂ કર્યું! બોલો, પરંપરાને અનુસરતી આ દીકરીઓને આજકાલની વઉ તો કાંઈ કરે ની' એમ કહેવાહે કે!

અમારાં બાઈ કહેતાં કે ભાદરવામાં સૂરણ બરાબર ખાવાનું કારણ કે પાઈલ્સના રોગ પર એ અકસીર ઈલાજ છે. કેટલાક લોકો તો નવરાત્રિમાં સૂરણ પર જ જીવે, વધારેમાં વધારે રાજગરાની ભાખરી ખાય. હિંદુ ઉપવાસમાં ખાવાની મજા કંઈક ઓર જ કારણ કે દરેક તહેવાર અને વાનગી સાથે ઋતુ પ્રમાણે આયુર્વેદિક દૃષ્ટિ જોડાયેલી હોય . જોકે હું ઉપવાસ કરતી નથી પરંતુ શ્રદ્ધાપૂર્વક વાનગીઓને ન્યાય આપું, જાતે બનાવું અને બાઈ જેવી જ હથોટીનો ઈલ્કાબ મને વહાલો લાગે! આ ઈલ્કાબ મારા દિયર રોહિતભાઈ વધારે આપતા બાકી શ્રવણકુમાર(અશોકભાઈ) તો બાઈને જ મહત્ત્વ આપતા અને મને લગની લાગતી કે હું પણ બાઈની જેમ બનાવતાં શીખીશ એટલે બાફેલું તૈયાર આવે તો ખંડુરિયું સૂરણથી લઈ દૂધપાક, બાસુદી, ઘૂઘરા, બીરંજ, શીરો,ઢેખરાં, પાતરાં, ફરસીપુરી, ઈદડાં, મેથિયું, મેથંબો, મુરબ્બો જેવી અનેક પરંપરાગત વાનગીઓ પર બરાબર હથોટી. જોકે હવે આ વાનગીઓ પસંદ કરનારાં અને બનાવનારાંની સંખ્યા ઘટતી જાય છે.

ખંડુરિયું અદૃશ્ય થવાની તૈયારીમાં છે! દેહણની એક આવડત ગજબની કે એ ઘરકામ સહાયકને શીખવી દે એટલે પોતે મસાલા કરે અને દેખરેખ રાખે.આજે તો બનાવીને ખાઈ લીધું, દક્ષિણ ગુજરાતનાં અનાવિલોની આ સ્પેશિયલ વાનગીની વાત વાંચવાનું ગમ્યું હશે.



અવલોકન
- બકુલા ઘાસવાલા
વલસાડ

## ૧૯ ઑક્ટોબર : મનુષ્ય ગૌરવ દિન-માનવજીવનની દિવ્ય ગરિમાનો ઉત્સવ

### પરમ પૂજ્ય પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીનું જીવનદર્શન-ભક્તિયોગ અને માનવ ઉત્થાનનો દિવ્ય સંદેશ..



ભારતીય સંસ્કૃતિમાં અનેક સંતો, ઋષિઓ, તત્વચિંતકો અને સમાજસુધારકોએ પોતાના જ્ઞાન,તપ, ત્યાગ અને સેવાભાવથી માનવજાતને નવી દિશા આપી છે. આવા મહાન વિચારકોમાં પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીનું સ્થાન વિશિષ્ટ છે, તેમણે શ્રીમદ્ ભગવદ્ ગીતાના જ્ઞાનને માત્ર ધાર્મિક ગ્રંથના અધ્યયન પૂરતું મર્યાદિત ન રાખતાં તેને માનવજીવન, પારિવારિક સંબંધો, સામાજિક સમરસતા, નિઃસ્વાર્થ સેવા અને માનવગૌરવ સાથે જોડ્યું હતું.તેમના જીવનદર્શનનો મૂળ સંદેશ હતો કે દરેક મનુષ્યની અંદર પરમાત્માની દિવ્ય ચેતના રહેલી છે તેથી માણસનું સાચું મૂલ્ય તેની સંપત્તિ-સત્તા કે પ્રતિષ્ઠાથી નક્કી થતું નથી પરંતુ તેની અંદર રહેલી દિવ્યતાની ઓળખ અને તેના જીવનમાં પ્રગટ થતા સદગુણોથી નક્કી થાય છે,આ જ દિવ્ય વિચારને સમર્પિત ૧૯ ઑક્ટોબરનો દિવસ સ્વાધ્યાય પરિવાર દ્વારા 'મનુષ્ય ગૌરવ દિન' તરીકે ઉજવવામાં આવે છે.

પરમ પૂજ્ય પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીનો જન્મ ૧૯ ઑક્ટોબર-૧૯૨૦ના રોજ મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશમાં આવેલા રોહા ગામમાં થયો હતો, તેમના પિતાનું નામ વૈજનાથ આઠવલે અને માતાનું નામ પાર્વતીબાઈ હતું.બાળપણથી જ તેમને ભારતીય સંસ્કૃતિ, વેદો, ઉપનિષદો, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને અન્ય ધાર્મિક ગ્રંથોના અધ્યયન માટે અનુકૂળ વાતાવરણ મળ્યું હતું. તેમના પિતાએ પરંપરાગત શિક્ષણની સાથે સ્વતંત્ર અભ્યાસ અને ચિંતનને મહત્વ આપ્યું હતું પરિણામે પાંડુરંગશાસ્ત્રીજીના વ્યક્તિત્વમાં તર્કશક્તિ, શાસ્ત્રપ્રેમ અને આધ્યાત્મિક જિજ્ઞાસાનો વિકાસ થયો. તેમણે મુંબઈની રોયલ એશિયાટિક સોસાયટીની લાઈબ્રેરીમાં ભારતીય તથા પશ્ચિમી તત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ઈ.સ.૧૯૪૨ થી તેમણે શ્રીમદ્ ભગવદગીતા પાઠશાળામાં -વચનો આપવાનું શરૂ કર્યું, તેઓ શાસ્ત્રોના શ્લોકોનો માત્ર શાબ્દિક અર્થ સમજાવતા નહોતા પરંતુ તેના જીવનોપયોગી તત્વોને સરળ ભાષામાં રજૂ કરતા હતા. તેમના મતે ધર્મનો હેતુ મનુષ્યને જીવનથી દૂર લઈ જવાનો નહીં પરંતુ જીવનને પવિત્ર-જવાબદાર અને પરમાત્મા સાથે જોડાયેલું બનાવવાનો છે.

ઈ.સ.૧૯૫૪માં પાંડુરંગશાસ્ત્રીજી જાપાનના ટોક્યોમાં યોજાયેલી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા ગયા હતા, ત્યાં તેમણે વૈદિક સંસ્કૃતિ,ભારતીય તત્ત્વજ્ઞાન અને ભગવદ્ ગીતાના જીવનોપયોગી સંદેશને રજૂ કર્યો. ભારતીય શાસ્ત્રોના આદર્શોને જીવનમાં ઉતારીને એવો સમાજ રચી શકાય કે જેમાં મનુષ્ય મનુષ્યનું શોષણ કરવાને બદલે તેને પરમાત્માનું સંતાન માને-આ વિચાર તેમના ચિંતનનું કેન્દ્ર બન્યો,તેમણે ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને માત્ર પ્રવચનો સુધી સીમિત ન રાખતાં લોકો પોતાના જીવનમાં તેને ઉતારે તે દિશામાં કાર્ય કરવાનો સંકલ્પ કર્યો.આ જ વિચાર આગળ જતાં સ્વાધ્યાય આંદોલનનો પાયો બન્યો.તેમના જીવનકાર્યનો હેતુ એવો હતો કે માણસના અંતરમાં આધ્યાત્મિક જાગૃતિ આવે અને તેના પરિણામે સમાજમાં પ્રેમ, વિશ્વાસ, કરૂણા તથા સહકારની ભાવના વિકસે.

'સ્વાધ્યાય'નો સામાન્ય અર્થ સ્વયંનો અભ્યાસ કે આત્મચિંતન થાય છે પરંતુ પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીના જીવનદર્શનમાં તેનો અર્થ માત્ર પુસ્તકો વાંચવા પૂરતો મર્યાદિત નથી.સ્વાધ્યાય એટલે પોતાના અંતરમાં રહેલી ઈશ્વરીય ચેતનાને ઓળખવી,જીવનના વ્યવહારમાં પરમાત્માની ઉપસ્થિતિનો અનુભવ કરવો અને તે અનુભવને પોતાના આચરણમાં ઉતારવો. માણસ ઘણીવાર ધન, જ્ઞાન, હોદ્દો, જાતિ કે સામાજિક પ્રતિષ્ઠાના આધારે પોતાની અને બીજાની તુલના કરે છે. આવી તુલના અહંકાર કે લઘુતાગ્રંથિને જન્મ આપે છે પરંતુ જ્યારે માણસ પોતાની અંદર રહેલી દિવ્યતાને ઓળખે છે ત્યારે તેના આત્મસન્માનનો આધાર બાહ્ય સંપત્તિને બદલે આંતરિક મૂલ્યો બને છે,તે જ રીતે બીજાની અંદર પણ પરમાત્માનું અસ્તિત્વ સ્વીકારતાં તેના પ્રત્યે આદર-પ્રેમ અને આત્મીયતા વિકસે છે. સ્વાધ્યાયનો માર્ગ પરિવાર, વ્યવસાય અને સમાજમાં રહીને પોતાના કર્તવ્યો નિભાવતાં નિભાવતાં પરમાત્માની નજીક જવાનો માર્ગ છે.

પાંડુરંગશાસ્ત્રીજીના જીવનદર્શનમાં ભક્તિનું સ્થાન કેન્દ્રસ્થાને છે, તેમની દ્રષ્ટિએ ભક્તિ માત્ર પૂજા, આરતી, જપ કે ધાર્મિક વિધિઓ પૂરતી મર્યાદિત નથી,તે જીવનના દરેક ક્ષેત્રને પવિત્ર બનાવતી ભાવના છે. જો કોઈ વ્યક્તિ મંદિરમાં ભગવાનની પૂજા કરે પરંતુ ઘરમાં માતા-પિતાનું અપમાન કરે,વ્યવસાયમાં છેતરપિંડી કરે કે જરૂરિયાતમંદ પ્રત્યે તિરસ્કાર રાખે તો તેની ઉપાસના અને જીવન વચ્ચે અંતર રહી જાય છે. ખેડૂત ખેતી કરે,શિક્ષક શિક્ષણ આપે, વેપારી પ્રામાણિકતાથી વેપાર કરે, ગૃહિણી પરિવારની જવાબદારી નિભાવે કે શ્રમિક પરિશ્રમ કરે-જો આ બધાં કાર્યો નિષ્ઠા, કૃતજ્ઞતા અને સમર્પણની ભાવનાથી કરવામાં આવે તો કર્મ પણ ભક્તિનું સ્વરૂપ ધારણ કરી શકે છે. આ વિચાર ભગવદ્ ગીતાના કર્મયોગ સાથે સુસંગત છે. સાચી ભક્તિ માણસને કર્તવ્યનિષ્ઠ, વિનમ્ર, સંવેદનશીલ અને નિઃસ્વાર્થ બનાવે છે.પરમાત્મા પ્રત્યેનો પ્રેમ માનવપ્રેમ અને સેવાભાવમાં પ્રગટ થવો જોઈએ.

મનુષ્ય ગૌરવ દિન-દરેક મનુષ્યમાં પરમાત્માનું દર્શન કરવાં..૧૯ ઑક્ટોબરે ઉજવાતો મનુષ્ય ગૌરવ દિન દરેક મનુષ્યના આત્મસન્માન-સમાનતા અને આધ્યાત્મિક ગરિમાનો સંદેશ આપે છે.શ્રીમદ્ ભગવદ્ ગીતાના અઢારમા અધ્યાયના ૬૧મા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે..

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશે?ર્જુન તિષ્ઠતિ

હે અર્જુન ! ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદયમાં નિવાસ કરે છે. જ્યારે આપણે દરેક જીવમાં પરમાત્માની ઉપસ્થિતિ સ્વીકારીએ છીએ ત્યારે કોઈનું અપમાન કરવું, કોઈને નીચું ગણવું કે તેની મજબૂરીનો લાભ ઉઠાવવો આધ્યાત્મિક મૂલ્યોની વિરૂદ્ધનું આચરણ બને છે. મનુષ્ય ગૌરવનો અર્થ અહંકાર નથી,તેનો અર્થ છે કે મનુષ્ય તરીકે મળેલી વિચારશક્તિ, વિવેક,સંકલ્પશક્તિ અને સદાચારની ક્ષમતાનો સદ્ઉપયોગ કરવો, પોતાની અંદરની દિવ્યતાને ઓળખવાની સાથે બીજાના ગૌરવને પણ સ્વીકારવું એ જ સાચી માનવતા છે.

આ દિવસે આપણે આત્મચિંતન કરવું જોઈએ.શું આપણે અન્ય લોકો સાથે આદરથી વર્તીએ છીએ? શું આપણા જ્ઞાન,સમય અને શક્તિનો ઉપયોગ બીજાના કલ્યાણ માટે કરીએ છીએ? શું આપણા આચરણમાં પ્રેમ, કરૂણા અને સમાનતાના મૂલ્યો પ્રગટ થાય છે? આ પ્રશ્નોના જવાબમાં જ મનુષ્ય ગૌરવ દિનની સાચી ઉજવણી રહેલી છે.

પાંડુરંગશાસ્ત્રીજીના જીવનકાર્યનું મહત્વપૂર્ણ પ્રદાન સ્વાધ્યાય આંદોલન અને સ્વાધ્યાય પરિવાર છે. ઈ.સ.૧૯૫૦ના દાયકામાં તેમણે ભગવદ્ ગીતાના જીવનદર્શનને સામાન્ય લોકો સુધી પહોંચાડવા માટે સંગઠિત પ્રયત્નો શરૂ કર્યા. ઈ.સ.૧૯૫૪થી શરૂ થયેલી ભક્તિફેરીઓએ આ કાર્યને વેગ આપ્યો. સ્વાધ્યાય પરિવારના ત્રણ મુખ્ય વિચારો છે પરમાત્મા દરેક મનુષ્યમાં વિદ્યમાન છે, બધા મનુષ્યો એક જ પરમાત્માનાં સંતાનો હોવાથી તેમની વચ્ચે આધ્યાત્મિક આત્મીયતા છે અને આ આત્મીયતા વ્યવહાર તથા સામૂહિક કલ્યાણમાં પ્રગટ થવી જોઈએ.ભક્તિફેરી એટલે માત્ર કોઈના ઘરે ધાર્મિક સંદેશ આપવા જવું નહીં પરંતુ નિઃસ્વાર્થભાવથી વ્યક્તિ સાથે આત્મીય સંબંધ સ્થાપિત કરવો. જ્યારે માણસ બીજાના સુખદુઃખમાં સહભાગી બને છે ત્યારે વિશ્વાસ અને પ્રેમની ભાવના વિકસે છે. ધનવાન-ગરીબ કે ઊંચ-નીચના ભેદભાવને બદલે માનવતાનો સંબંધ મજબૂત બને છે. આ રીતે ભક્તિફેરી આધ્યાત્મિક વિચારને જીવનમાં અનુભવાય એવો બનાવતી સાધના છે.

સ્વાધ્યાય પરિવારની રચનાત્મક પ્રવૃત્તિઓમાં યોગેશ્વર કૃષિ અને વૃક્ષમંદિર વિશેષ મહત્વ ધરાવે છે.યોગેશ્વર કૃષિમાં ખેતીને માત્ર આર્થિક ઉત્પાદનનું સાધન નહીં પરંતુ પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતા,સામૂહિક સહકાર અને નિઃસ્વાર્થ કર્મની તક તરીકે જોવામાં આવે છે. સ્વયંસ્ફૂર્ત શ્રમદાન અને સહકાર દ્વારા લોકો પોતાના સમય,શ્રમ અને કુશળતાનો ઉપયોગ સામૂહિક કલ્યાણ માટે કરી શકે છે,આ પ્રયોગ શીખવે છે કે સમાજના ઉત્થાનમાં યોગદાન આપવા માટે માત્ર ધન જ નહીં પરંતુ સમય અને પરિશ્રમ પણ મહત્વપૂર્ણ છે.વૃક્ષમંદિર પ્રકૃતિ પ્રત્યેની કૃતજ્ઞતા અને સંરક્ષણની ભાવનાનું પ્રતીક છે. વૃક્ષોનું વાવેતર, ઉછેર અને જતન પણ ભક્તિની અભિવ્યક્તિ બની શકે છે. વૃક્ષો પર્યાવરણનું સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તેથી પ્રકૃતિનું રક્ષણ કરવું એ પરમાત્માની રચનાનું સન્માન કરવા સમાન છે. આ બંને પ્રયોગો દર્શાવે છે કે આધ્યાત્મિકતા માત્ર વ્યક્તિગત સાધના નથી, તે સામૂહિક જવાબદારી અને સમાજકલ્યાણમાં પણ પ્રગટ થઈ શકે છે.

પાંડુરંગશાસ્ત્રીજીના વિચારોમાં ભક્તિ અને સમાજસેવા વચ્ચે ગાઢ સંબંધ છે,તેમના જીવનદર્શન પ્રમાણે સમાજમાં કાયમી પરિવર્તન લાવવા માટે વ્યક્તિના અંતરમાં પણ પરિવર્તન આવવું જરૂરી છે.જ્યારે માણસ બીજામાં પરમાત્માનું અસ્તિત્વ સ્વીકારે છે ત્યારે તેના -ત્યે જવાબદારી અને આત્મીયતાની ભાવના જાગે છે, તે પોતાના સમય,શ્રમ,કુશળતા અને સામર્થ્યનો ઉપયોગ સમાજના હિત માટે કરવા પ્રેરાય છે. સેવામાં અહંકાર કે ઉપકારની ભાવના ન હોવી જોઈએ.સ્વાધ્યાયની દ્રષ્ટિએ સેવા એટલે કોઈના પર ઉપકાર કરવો નહીં પરંતુ પરમાત્માના બીજા સંતાન પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવી. આવી ભાવના માણસને વિનમ્ર બનાવે છે અને સમાજમાં પરસ્પર વિશ્વાસ,સહકાર તથા સમરસતાને પ્રોત્સાહન આપે છે.

ઈ.સ.૧૯૫૬માં મુંબઈમાં તત્વજ્ઞાન વિદ્યાપીઠની સ્થાપના પાંડુરંગશાસ્ત્રીજીના જ્ઞાનપ્રસારના કાર્યનો મહત્વપૂર્ણ તબક્કો હતો, તેમના માટે તત્વજ્ઞાન માત્ર ચર્ચાનો વિષય નહોતો પરંતુ જીવનના મૂળભૂત પ્રશ્નોને સમજવાનો અને જીવનને વધુ જવાબદાર બનાવવાનો માર્ગ હતો, તેમણે ભગવદ્ ગીતા,ઉપનિષદો અને ભારતીય તત્વચિંતનના ગહન વિચારોને આધુનિક જીવન સાથે જોડવાનો પ્રયત્ન કર્યો, તેમના પ્રવચનોમાં જીવનનું લક્ષ્ય, ધર્મ અને વ્યવહારનો સંબંધ,આંતરિક સંતોષ, કર્તવ્યનિષ્ઠા અને સામાજિક સમરસતા જેવા વિષયોનું મહત્વ જોવા મળે છે. તેમના જીવનમાંથી આપણને સમજાય છે કે સાચું જ્ઞાન માણસને વિનમ્ર બનાવે છે, તેની દ્રષ્ટિને વિશાળ બનાવે છે અને તેને પોતાના જીવન તથા સમાજ પ્રત્યે વધુ જવાબદાર બનાવે છે.

પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીના આધ્યાત્મિક અને સામાજિક કાર્યને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી હતી, તેમને મળેલાં મુખ્ય સન્માનોમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે

રેમન મેગ્સેસે પુરસ્કાર-૧૯૯૬ સામુદાયિક નેતૃત્વ અને સામાજિક પરિવર્તનના કાર્ય બદલ,

ટેમ્પલટન પુરસ્કાર-૧૯૯૭ ધર્મ અને આધ્યાત્મિકતાના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન બદલ,

પદ્મવિભૂષણ-૧૯૯૯ ભારત સરકાર દ્વારા આપવામાં આવેલું ઉચ્ચ નાગરિક સન્માન..

આ સન્માનો તેમના કાર્યના વ્યાપ અને પ્રભાવને દર્શાવે છે,તેમ છતાં તેમનો સાચો વારસો માત્ર પુરસ્કારોમાં નહીં પરંતુ માનવગૌરવ,ભક્તિ,આત્મીયતા અને નિઃસ્વાર્થ સેવાના વિચારોમાં સમાયેલો છે.

પરમ પૂજ્ય પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીનું ૨૫ ઑક્ટોબર-૨૦૦૩ના રોજ અવસાન થયું હતું, તેમનું ભૌતિક જીવન પૂર્ણ થયું પરંતુ તેમણે પ્રેરિત કરેલા વિચારો અને સ્વાધ્યાયની જીવનદ્રષ્ટિ આજે પણ અનેક લોકોને પ્રેરણા આપે છે,તેમણે દર્શાવેલો માર્ગ સમજાવે છે કે સમાજમાં પરિવર્તન લાવવા માટે વ્યક્તિના અંતરમાં પરિવર્તન આવવું જોઈએ. જ્યારે વ્યક્તિ પોતાના જીવનને પરમાત્મા સાથે જોડે છે ત્યારે તેના કર્મમાં પ્રામાણિકતા,સંબંધોમાં આત્મીયતા અને સમાજ પ્રત્યેની જવાબદારી વિકસે છે. આધુનિક સમયમાં જ્યારે માણસ સંપત્તિ, હોદ્દા અને વ્યક્તિગત સફળતાની દોડમાં વ્યસ્ત છે ત્યારે તેમનું જીવનદર્શન આપણને આત્મચિંતન માટે પ્રેરિત કરે છે.આપણે પોતાની અંદરની દિવ્યતાને ઓળખીએ, બીજાના ગૌરવનો સ્વીકાર કરીએ અને પોતાના સામર્થ્યનો ઉપયોગ અન્યના કલ્યાણ માટે કરીએ-એ જ તેમના જીવનકાર્યને સાચી શ્રદ્ધાંજલિ છે.

પરમ પૂજ્ય પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીનું જીવન આપણને શીખવે છે કે શાસ્ત્રજ્ઞાન ત્યારે જ સાર્થક બને છે જ્યારે તે જીવનમાં સદાચાર, કરૂણા, કર્તવ્યનિષ્ઠા અને નિઃસ્વાર્થ સેવાના રૂપમાં પ્રગટ થાય, તેમણે ભક્તિને જીવનાચરણ સાથે આત્મસન્માનને આધ્યાત્મિકતા સાથે અને સામાજિક સંબંધોને પરમાત્માની ઉપસ્થિતિની અનુભૂતિ સાથે જોડવાનો પ્રયત્ન કર્યો. મનુષ્ય ગૌરવ દિનની ઉજવણી ત્યારે જ સાર્થક બને જ્યારે આપણે દરેક મનુષ્યને સન્માન આપીએ ,જરૂરિયાતમંદ પ્રત્યે સંવેદનશીલ બનીએ, પ્રકૃતિનું રક્ષણ કરીએ અને પોતાના કર્મને પવિત્ર બનાવીએ. ૧૯ ઑક્ટોબર-મનુષ્ય ગૌરવ દિન નિમિત્તે પરમ પૂજ્ય પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીના પવિત્ર સ્મરણમાં ભાવભીની વંદના-સાદર નમન અને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ.તેમણે પ્રેરિત કરેલો દિવ્ય સંદેશ આપણા જીવનમાં ઉતરે અને દરેક મનુષ્યને પોતાના તથા અન્યના ગૌરવની સાચી ઓળખ મળે એ જ હાર્દિક પ્રાર્થના. મનુષ્યમાં પરમાત્માનું દર્શન-જીવનમાં ભક્તિનું આચરણ અને સમાજમાં આત્મીયતાનું નિર્માણ-આ જ મનુષ્ય ગૌરવનો સાચો માર્ગ છે. સ્વાધ્યાય પરિવારની બાગડોર હાલમાં પૂજ્ય જયશ્રી દીદીજી (ધનશ્રી શ્રીનિવાસ તલવલકર) સંભાળી રહ્યાં છે. તેઓ સ્વાધ્યાય પરિવારના સ્થાપક પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે દાદાજીનાં દત્તક પુત્રી છે અને તેમના આધ્યાત્મિક કાર્યને આગળ ધપાવી રહ્યાં છે.

પરમ પૂજ્ય પાંડુરંગશાસ્ત્રી આઠવલેજીની જન્મજયંતી નિમિત્તે ભાવભીની વંદના અને સાદર નમન.

# અન્ય સમાચારો

## બલીઠામાં મીની સિવિલ હોસ્પિટલની મંત્રી કનુભાઈ દેસાઈએ મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૮ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારના બલીઠા ખાતે નવી બની રહેલી મીની સિવિલ હોસ્પિટલનું ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ સ્થળ નિરીક્ષણ કરી બાંધકામની કામગીરીની સમીક્ષા કરી હતી. વાપી સહિત આસપાસના વિસ્તારના લોકોને આધુનિક આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી નિર્માણ પામી રહેલી આ ૧૨૦ બેડની સિવિલ હોસ્પિટલની કામગીરી હાલ પૂર્ણતાના આરે છે.

મુલાકાત દરમિયાન મંત્રી કનુભાઈ દેસાઈએ હોસ્પિટલના બાંધકામની પ્રગતિ અંગેનો અહેવાલ મેળવ્યો હતો. આ ઉપરાંત હોસ્પિટલના નિર્માણકાર્ય સાથે સંકળાયેલા એન્જિનિયરો અને એજન્સીના અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો આપ્યાં હતાં. હોસ્પિટલ કાર્યરત થયા બાદ લોકોને વધુ સારી અને આધુનિક આરોગ્ય સેવાઓ મળી રહે તે અંગે પણ તેમણે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મેડિકલ સ્ટાફના ડોક્ટરો સાથે પણ હોસ્પિટલની સુવિધાઓ અને આરોગ્યલક્ષી વ્યવસ્થાઓને લઈને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ૧૨૦ બેડની આ હોસ્પિટલ શરૂ થતાં વાપી અને આસપાસના વિસ્તારના લોકોને આરોગ્ય સારવાર માટે મોટી રાહત મળવાની આશા છે.

આ મુલાકાત દરમિયાન વાપી મહાનગર ભાજપના અધ્યક્ષ મનીષભાઈ દેસાઈ, મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશભાઈ પટેલ તથા વાપી મહાનગર પાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી કચ્છી ભાનુશાલી સમાજના નવરાત્રી મહોત્સવમાં નાણામંત્રીએ હાજરી આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૮ :** વાપીના ચણોદ કોલોની ખાતે આવેલી કચ્છી ભાનુશાલી સમાજની વાડીમાં શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા નવરાત્રી ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ગુજરાત સરકારના નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ તેમજ વાપી મહાનગરપાલિકાના કારોબારી ચેરમેન અને વાપી ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ સતીશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન કચ્છી ભાનુશાલી સમાજના પ્રમુખ અરવિંદભાઈ ભાનુશાલી અને વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના કોષાધ્યક્ષ રમેશભાઈ ગોરી સહિત સમાજના અગ્રણીઓએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે અરવિંદભાઈ ભાનુશાલી અને રમેશભાઈ ગોરીના હસ્તે નાણામંત્રી કનુભાઈ દેસાઈને ફૂલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ નવરાત્રી મહોત્સવમાં સમાજના લોકો એકત્રિત થયા હતાં.

## તા.૨૦ ઓક્ટો.એ વરસાદની આગાહી
## વલસાડ જિલ્લામાં ખેડૂતોને પાકના રક્ષણ માટે પગલા લેવા સંદેશ

**વલસાડ, તા.૧૮ :** હવામાન ખાતાની આગાહી મુજબ, આગામી પાંચ દિવસમાં આકાશ ચોખ્ખું રહેશે અને તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬નાં રોજ અતિ હળવા વરસાદની શક્યતા છે, આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોને પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ખેડુતોને સંદેશ પાઠવવામાં આવ્યો છે.

જિલ્લા ખેતીવાડી અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું કે, વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલો પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું., જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો, ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહી તે મુજબ સુરક્ષિત રાખવા, એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો ઢાંકીને અથવા શેડ નીચે સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા જણાવાયુ છે.

## પારડીમાં રક્તસેવક બાઈક ચાલકનું સ્વાગત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૮ :** માનવતા અને રક્તદાનની જાગૃતિનો અનોખો સંદેશ લઈને નીકળેલા રક્તસેવક બાઈક ચાલકનું આજે પારડી ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પારડી હોસ્પિટલ ખાતે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં હોસ્પિટલ સ્ટાફ તબીબો અને સ્થાનિક આગેવાનો દ્વારા રક્તસેવકનું ફૂલહાર આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ આવે અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તેવા ઉદાત્ત હેતુ સાથે બાઈક યાત્રા પર નીકળેલા રક્તસેવકનું પારડી હોસ્પિટલ આવી પહોંચતા ઉત્સાહભેર સ્વાગત કરાયું હતું. હોસ્પિટલ પરિસરમાં ઉપસ્થિત તબીબો નર્સિંગ સ્ટાફ અને સામાજિક કાર્યકરોએ તાળીઓના ગડગડાટ સાથે રક્તસેવકને આવકાર્યા હતા. આ પ્રસંગે હોસ્પિટલના મુખ્ય તબીબે રક્તસેવકની આ અનોખી પહેલને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે આવી પ્રેરણાદાયી યાત્રાઓ સમાજમાં રક્તદાન અંગેની અંધશ્રદ્ધા અને ડર દૂર કરવામાં મોટી ભૂમિકા ભજવે છે અમારી પારડી હોસ્પિટલ ખાતે રક્તદાન જાગૃતિ માટે નીકળેલા બાઈક ચાલક રક્તસેવકનું સ્વાગત કરતા અમને અત્યંત ગર્વ થાય છે રક્તદાન એ મહાદાન છેઅને આજના સમયમાં આવા જાગૃતિ અભિયાનની ખૂબ જરૂર છે. મારો આ બાઈક પ્રવાસ પાછળનો મુખ્ય હેતુ એ જ છે કે દરેક નાગરિક રક્તદાનનું મહત્વ સમજે પારડી હોસ્પિટલ પરિવાર દ્વારા જે પ્રેમ અને સ્વાગત મને મળ્યું છે તે બદલ હું સૌનો આભાર માનું છું. આ પ્રસંગે હોસ્પિટલ સ્ટાફ દ્વારા પણ આગામી દિવસોમાં વધુમાં વધુ રક્તદાન શિબિરો યોજવાનો સંકલ્પ લેવાયો હતો આ પ્રસંગે પારડી બ્લડ બેન્કના ચેરમેન દિનેશભાઈ સાકરીયા અને માજી ચેરમેન ડોક્ટર એમ એમ કુરેશી ખાસ ઉપસ્થિત રહી તમામને પ્રોત્સાહિત કર્યા હતાં.

## ઉમરગામ તાલુકામાં નવરાત્રી મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૧૮ :** ઉમરગામ તાલુકામાં મા શક્તિ જગદંબાની આરાધનાના પર્વ આસો નવરાત્રીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. રંગબેરંગી રોશનીથી ઝળહળતા ગરબા મંડપોમાં સંગીતના તાલે પરંપરાગત ગરબા રમી ખેલૈયાઓ મા અંબાની આરાધનામાં લીન જોવા મળી રહ્યા છે. તાલુકાના ગામેગામ નવરાત્રીનો ઉત્સાહ છવાયો છે.

ઉમરગામ જીઆઈડીસી કોલોની ખાતે ઉમરગામ જીઆઈડીસી સાર્વજનિક ઉત્સવ મંડળ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૫૩ વર્ષથી નવરાત્રી મહોત્સવનું આયોજર્ન કરવામાં આવે છે. અહીં ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવા વિવિધ વયજૂથોમાં ગરબા સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. સ્પર્ધામાં વિજેતા બનનાર ખેલૈયાઓને સ્મૃતિભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સોળસુંબા પ્લોટ ફળિયા સ્થિત અંબાજી મંદિરના પટાંગણમાં પણ પરંપરાગત વેશભૂષામાં સજ્જ ખેલૈયાઓ સંગીતના તાલે ગરબે ઘૂમી મા અંબાની આરાધના કરતા જોવા મળ્યા હતાં. જયારે ઉમરગામ ટાઉનના માછી મંદિર ખાતે પણ નવરાત્રી મહોત્સવમાં ગરબાની રમઝટ જામી હતી. તાલુકાનાં વિવિધ ગામોમાં ભક્તો ગરબા દ્વારા માતાજીની આરાધના કરી રહ્યા છે.

નવરાત્રી મહોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ઉમરગામ પોલીસ ખડે પગે ફરજ બજાવી રહી છે. પોલીસની સી-ટીમ અસામાજિક તત્ત્વો દ્વારા ઉત્સવના માહોલમાં ખલેલ ન પહોંચે તે માટે સતર્ક છે. ઉમરગામ પોલીસ મથકના પીઆઈ એચ.ડી. તુવર દ્વારા સતત પેટ્રોલિંગ કરી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે.

## આજે વાપી આશાપુરા માતા મંદિરે મહાહવન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૮ :** ઔદ્યોગિક નગરી વાપીમાં આદ્યાશક્તિ માની નવલી નવરાત્રીના મહાપર્વ નિમિત્તે શ્રીજી આઠમના મહાહવનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. માં આશાપુરા - રવેચી નિકેતન સેવા ટ્રસ્ટ, વાપી વિભાગ રાજપુત સમાજ સેવા સંઘ અને હિમતસિંહજી પાર્ક કો.ઓ.હા.સો.લી. દ્વારા સંયુક્ત રીતે આ ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે નવલી નવરાત્રીના મહાપર્વના ૧૯મા વર્ષના ઉપલક્ષમાં, જગદ જનની માં આશાપુરા રવેચી તથા મોમાઈ માતાના ભવ્ય મંદિરના ચોકમાં આ મહાહવન યોજાશે. આ ધાર્મિક મહોત્સવ તા.૧૯-૧૦-૨૦૨૬ને સોમવારના શુભ દિવસે પારડીના વિદ્વાન આચાર્ય ભાવેશભાઈ જોષી અને પરેશભાઈ મહારાજના માર્ગદર્શન હેઠળ વેદ વેદાંતની અર્વાચીન વિધિથી સંપન્ન થશે. જેમાં સવારે ૯:૦૦ કલાકે વેદાંત પદ્ધતિથી શાસ્ત્રોક્ત શ્રીજી હવનની શરૂઆત બપોરે ૧૨:૩૦ કલાકે ભવ્ય મહાઆરતી, બપોરે ૧:૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારંભના અધ્યક્ષ તરીકે વાપી મહાનગરપાલિકાના કમિશનર માનનીય એન એફ ચૌધરી તથા નાયબ કમિશનર કિરીટસિંહ રાણા ખાસ ઉપસ્થિત રહેશે. આયોજકો (ગુંજન એરિયા, વાપી) દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને કુટુંબ સહ પધારીને આ ધાર્મિક ઉત્સવનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ સ્થળે વૉલેટ પાર્કિંગની વિશેષ સુવિધા રાખવામાં આવી છે. આ સાથે જ રાજપુત સમાજના ભાઈઓને પરંપરાગત સાફા પહેરીને આવવા વિનંતી કરાઈ છે. વધુ માહિતી માટે હેલ્પ લાઈન નંબર ૮૧૪૦૯ ૭૭૯૯૯, ૯૫૭૪૨ ૮૭૪૭૬, ૯૯૧૩૫ ૩૫૫૯૦ પર સંપર્ક કરી શકાશે.

**CHANGE OF NAME**
I HAVE CHANGED MY OLD NAME FROM NEHAL MAHESH RATHOD TO NEW NEHAL RATHOD AS PER THE DOCUMENMTS

## પારડીમાં ટાસ્ક ફોર્સ દ્વારા ચેકિંગ, તમાકુ વેચાણ અને જાહેરમાં ધ્રુમપાન બદલ ૪૪ લોકો દંડાયા



**વલસાડ, તા.૧૮ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોટાવાઘછીપા, નાનાવાઘછીપા, સુખેશ, બાલદા તથા તેની આજુબાજુના વિસ્તારમાં જિલ્લા આરોગ્ય ખાતાની ટાસ્કફોર્સ દ્વારા આકસ્મિક ચેકિંગ દરમ્યાન ૪૩ દુકાનદારો અને જાહેરમાં ધુમ્રપાન કરનાર એક મળી કુલ ૪૪ને રૂ. ૮૮૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને પોલીસ વિભાગ સાથે મળી સ્ટીયરીંગ કમિટી દ્વારા પારડી તાલુકાના મોટાવાઘછીપા રોડ, નાનાવાઘછીપા, સુખેશ, બાલદા અને તેની આજુબાજુના વિસ્તારમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના મોટા પાનના ગલ્લા, પાર્લર અને જાહેરમાં ધુમ્રપાન કરનાર કુલ ૪૪ કેસ અને રૂપિયા ૮૮૦૦/- રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. તદઉપરાંત કલમ-૪ જાહેરમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ તથા કલમ-૬(અ)૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. તથા કલમ-૬(બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધ છે તેમજ આજુબાજુનાં પાનના ગલ્લાવાલાને ચેતવણી આપવામાં આવી તેઓને તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. આવી આરોગ્ય વિષયક ચેતવણી વિના તમાકુ અને સિગારેટની અન્ય બનાવટોનું છૂટક વેચાણ પર પ્રતિબંધ છે. આવી સુચના આપવામાં આવી હતી. આ કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંહ અને એપેડેમિક મેડીકલ ઓફિસર ડો. મનોજ પટેલની સુચના અને માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ,પોલીસ વિભાગમાંથી હેડ કોન્સ્ટેબલ વજુભાઈ ટી. શિયાળ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાંથી પી.એન. માંગુકિયા અને જિલ્લા ટોબેકો સેલમાંથી કાઉન્સેલર એસ.ઝેડ.બાગુલ, સોશિયલ વર્કર એ.એ.પટેલ અને ટી.એમ.પી.એચ.એસ. અમિત પટેલ હાજર રહી કામગીરી કરી હતી.

**CHANGE OF NAME**
**OLD NAME**
SABNAM MOHMMAD AKHIR SHAIKH
**NEW NAME**
SABNAM MOHMAD AKHIR SHAIKH
**ADD.** H. NO, 4-60-GF-1, GULMOHR -B, WADI FALIA KHARIWAD NANI DAMAN, 396210

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૭૬/૨૦૨૬

**અરજદાર : શ્રી મુમતાજ રૌઉફ મેમણ**
**રહે.** ૧૧, નારગોલ રોડ, મુનમુન ટોકીજ, સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત-૩૯૬૧૫૦ **(વ.શ્રી. ભાવેશ આર. ધોડિયા)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, સંજાણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શ્રી મુમતાજ રૌઉફ મેમણ** રહે. ૧૧, નારગોલ રોડ, મુનમુન ટોકીજ, સંજાણ બંદર, સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી નામે **નશરીનબાનુ રૌઉફ મેમણનો** જન્મ તા.૧૧-૧૦-૧૯૮૯ના રોજ મોજે - સંજાણ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૭૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

## વાપી મનપા દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૮ :** વાપી મહાનગરપાલિકા દ્વારા તા.૧૭/૧૦/૨૦૨૬ના રોજ નવરાત્રી મહોત્સવ અંતર્ગત ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS), ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ટીનાબેન હળપતિ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉત્સવમાં મહાનગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ભક્તિ, આનંદ અને એકતાના રંગે રંગાઈ નવરાત્રી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond · dinesh SUITING · Siyarams SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVĀN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com



વાપીના વ્યાપારી સંઘ દ્વારા શાકભાજી મંડી (માર્કેટ) ખાતે સાર્વજનિક શ્રી દુર્ગાપૂજા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત સાતમના દિવસે માતા સહિત અન્ય ભગવાનની પ્રતિમાઓની આખો ઉપરથી પટ્ટીનું આવરણ દૂર કરવામાં આવ્યું હતું. જે બાદ દર્શનાર્થે ભક્તિની ભારે ભીડ ઉમટી રહી છે. આજે ૧૯ ઓક્ટોબર સોમવારે પૂર્ણાહુતિ જ્યારે ૨૦ ઓક્ટોબર મંગળવારે મા પ્રસ્થાન, દશેરા અને મહાપ્રસાદ વહેચવામાં આવશે. ૨૧ ઓક્ટોબર બુધવારે મૂર્તિ વિસર્જન યાત્રા કાઢવામાં આવશે.

## નામધા જે-ટાઈપ આરઓબીનું કામ પ્રગતિમાં : નાણામંત્રીએ મુલાકાત લીધી

### રૂ. ૬૦ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા : આ રેલવે ઓવરબ્રિજથી નામધા, ચંડોર, કુંતા તથા દમણના અંદાજે પાંચ લાખથી વધુ લોકોને અવર જવરમાં રાહત મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ રવિવારે વાપી નામધા - જે ટાઈપ જીઆઈડીસીમાં રૂ. ૬૦ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા રેલવે ઓવરબ્રિજ પર રેલવે ટ્રેક તથા ડીએફસીસી ટ્રેક પોર્શન પર ૭૨.૦૦ મીટર બોસ્ટિંગ ગર્ડર લોન્ચિંગ કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું. આ દરમિયાન મંત્રી કનુભાઈએ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે સંબંધિત વિભાગના અધિકારીઓ સૂચન કર્યુ હતું. વાપીના જે ટાઈપ વિસ્તારમાં વલસાડ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા વાપી જીઆઈડીસી રેલવે પોલ નંબર ૧૭૦/૨૭ ટુ ૧૭૦/૩૦ વચ્ચે નિર્માણ પામી રહેલા આ ઓવરબ્રિજ પર ૭૨.૦૦ મીટર બોસ્ટરીંગ બોસ્ટરિંગ ગર્ડરની લોન્ચિંગ કામગીરી માટે રેલવે તથા ડીએફસીસી વિભાગ દ્વારા ૨ કલાક ૩૦ મિનિટનો મેગા બ્લોક આપવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન વાપી અને ભિલાડ સેક્શનમાં ટ્રેનોને રિશીડ્યુલ કરવામાં આવી હતી.





આ બ્રિજના નિર્માણ થવાથી વાપી અને દમણના ઔદ્યોગિક એકમોને નેશનલ હાઈવે સાથે એક નવી કનેક્ટિવિટી મળશે. જેનાથી વાપી પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના લોકોને ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળશે. રેલવે વિભાગની કામગીરી પૂર્ણ થયેથી બ્રિજની બાકી રહેલી કામગીરી ખૂબ જ ટૂંક સમયમાં પૂર્ણ થશે. આ રેલવે ઓવરબ્રિજ બનવાથી નામધા, ચંડોર, કુંતા તથા દમણના અંદાજે પાંચ લાખથી વધુ લોકોને અવર જવરમાં રાહત મળશે.

મંત્રી કનુભાઈની આ મુલાકાત વેળા વાપી મનપાના કમિ'ર એન.એફ.ચૌધરી, વાપી મનપાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી મનપાના ડે. મેયર મિતેષ દેસાઈ, વલસાડ માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગના કાર્યપાલક ઈજનેર જતીનભાઈ પટેલ, વાપીના નાયબ કાર્યપાલક ઈજનેર પાર્થ જેતાણી, વાપી શહેર સંગઠન પ્રમુખ મનીષ દેસાઈ, વાપી વીઆઈએ પૂર્વ પ્રમુખ કમલેશ પટેલ, રેલવે વિભાગના સિનિયર ડિવિઝનલ એન્જિનિયર વિજેન્દ્ર મીણા, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર અને ડીએફસીસીએ ચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બ્રિજનું કામ અંતિમ તબક્કામાં

વાપી પૂર્વ અને પશ્ચિમને જોડતા મહત્વકાંક્ષી જે-ટાઈપ રેલવે ઓવરબ્રિજની કામગીરીમાં મોટી સફળતા મળી છે. આજે રેલવે વિભાગ દ્વારા બ્રિજના મુખ્ય ભાગ એવા સફટી ગર્ડર ને સફળતાપૂર્વક તેની નિયત જગ્યાએ ખસેડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોથી આ ગર્ડર લોન્ચિંગ માટે રેલવે દ્વારા મેગા બ્લોક લેવામાં આવ્યો હતો, જેના કારણે કેટલીક ટ્રેનોને અસર થઈ હતી. અત્યાધુનિક ટેકનોલોજીથી ૧૦૦ મીટરથી વધુ લંબાઈ ધરાવતા આ વિશાળ સ્ટીલ ગર્ડરને રેલવે ટ્રેક પર ગોઠવવામાં આવ્યો છે. આ ગર્ડર રેલવેની ઓવરહેડ લાઈનો અને ટ્રેક પરથી પસાર થતા વાહનોની સલામતી માટે અત્યંત જરૂરી હતો. આ કામ પૂર્ણ થતા જ બ્રિજના એપ્રોચ રોડ અને ડામરીકરણનું કામ ઝડપી બનશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી થોડા મહિનામાં બ્રિજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાશે, જેનાથી વાપીવાસીઓની વર્ષો જૂની ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

## પારનેરા પર આઠમે ભક્તોનું ઘોડાપૂર : લોકમેળો, ઘૈરૈયાનું આકર્ષણ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડના ઐતિહાસિક પારનેરા ડુંગર પર આવેલા માતાજી મંદિરે લોક મેળાની સાથે પારનેરા ચિચવાડાના ઘેરૈયાએ રંગબેરંગી વસ્ત્રોએ આકર્ષણ જમાવ્યું હતું.

ઘેરૈયાને જોવા હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. લોકમેળા માટે માતાજી મંડળ ટ્રસ્ટ પોલીસ કર્મચારીઓ, ફાયર બ્રિગેડ, મેડિકલ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

વલસાડ જિલ્લાના ઐતિહાસિક એવા પારનેરા ડુંગર પર આજરોજ આઠમ હોવાથી પારનેરા ડુંગર પર લોકમેળો ભરાતો હોય છે. જોકે માઈ ભક્તો સાતમની મધ્યરાત્રીથી જ ડુંગર પર જઈ માતાજીના દર્શન કરતા હોય છે તો આઠમની વહેલી સવારથી ભક્તો પારનેરા ડુંગર પર બિરાજતા મહાકાલી, કાલિકા અને અંબા માતાના દર્શનાર્થે તેમજ વલસાડ શહેરના પ્રાચીન અંબા માતા મંદિરે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. પારનેરા ડુંગર પર વહેલી સવારના ૪ વાગ્યાથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી. ડુંગરના પગથિયાં 'જય અંબે'ના જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. માઈભક્તોએ ડુંગર ચઢીને માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

આજરોજ આઠમું નોરતું હોય જેને ભક્તો આઠમ તરીકે ઓળખે છે આઠમના દિવસે પારમેરા ડુંગર પર લોકમેળો ભરાતો હોય છે આ લોકમેળાની મજાની સાથે માતાજીના દર્શન કરવા માટે વલસાડ તેમજ આજુબાજુના વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડતા હોય છે. આઠમના મેળા ના દિવસે પારનેરા અને ચિચવાડા ગામના ઘેરૈયાઓ ધોતી, કોટી, ટોપી, ગળામાં ગલગોટા ના ફૂલ ની માળા પગમાં બુટ અને હાથમાં લાકડાના દાંડિયા સાથે કમરે ઘુઘરા બાંધી ઘેરૈયાઓ માતાજીના નામ સાથે ડુંગરના ઉપર દોડતા દોડતા ચડતા હોય છે.

અને માતાજીના પટાંગણમાં ગરબે ઘૂમે છે. તો આઠમના દિવસે લોકમેળો ભરાતા હજારો ભક્તો દર્શનની આઠમના મેળાની મજા માણતા હોય છે. આઠમના મેળા ને સફળતા બનાવવા માટે માતાજી મંદિર ટ્રસ્ટ ના હોદેદારો કાર્યકર્તાઓ સ્વયંસેવકો પોલીસ કર્મચારી, ફાયર બ્રિગેડ, મેડિકલ ટીમ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ખડે પગે સેવા આપતા હોય છે. તો બીજી તરફ ડુંગર નો આગળનો એટલે કે પારનેરા અને પાછળ નો ભાગ અતુલ વિસ્તારમાં થી આવતા ભક્તો માટે ઠંડા પાણી છાસ નું વિતરણ કરવામાં આવતું હોય છે.

વલસાડ શહેરના મોટા બજારમાં આવેલા પૌરાણિક અંબા માતા મંદિરે આઠમા નોરતે ભક્તો માતાજીને પૂજા નો સામાન ચુંદડી ચઢાવતા હોય છે.મંદિરને આકર્ષક રોશની અને ફૂલોથી શણગારવામાં આવ્યુ હતું.

## દમણમાં વડિલોનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૮ :** લાયન્સ પરિવાર દમણ અને હોટેલ દરિયા દર્શન દ્વારા સંયુક્ત રીતે વડિલોના સન્માનનો કાર્યક્રમે નવરાત્રિનાં દિવસોમાં હોટેલ દરિયા દર્શનના પ્રાંગણમાં આયોજન કરવામાં આવ્યો હતો.હોટેલ દરિયાદર્શનના માલિક લા. નવિનભાઈ ફેંટા દ્વારા એમના માતા સ્વ. કેશરબેન ફેંટા અને પિતા સ્વ. કાનજીભાઈ ફેંટાની યાદમાં છેલ્લા ૨૫ વર્ષથી વડિલોના સન્માનનો આ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.આજના આ વડિલ દિનના કાર્યક્રમ નિમિત્તે ૧૯ જેટલા વડિલોનું શાલ ઓઢાડીને, શ્રીફળ અને પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું અને એમના સામાજીક દાયિત્વને બીરદાવવામાં આવ્યું હતું.

આજના આ સન્માન સમારંભમાં મુક્ય મહેમાન તરીકે લા. નવિનભાઈ ફેંટા અને એમના પુત્રી પદમાવતીબેન હાજર રહ્યા હતાં. અતિથિ વિશેષ તરીકે લા. ઈન્ટરનેશનલના ડિસ્ટ્રીક્ટના રીજીયનના ચેરપર્સન લા. બિપિનભાઈ પટેલ અને ઝોન ચેરપર્સન લા. જ્યોતિબેને હાજરી આપી હતી. આજના આ સન્માન સમારંભ સાથે સુગર અને પ્રેશરનો મેડિકલ અને હેલ્થ ચેકઅપ કેમ્પ પણ દમણ પ્રશાનના સહયોગથી આયોજીત કરવામાં આવ્યો હતો.

આજના આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સન્માનનીય વિડલો, લાયન્સ પરિવાર દમણના સભ્યો અને લાયન ડિસ્ટ્રીક્ટથી મહેમાનો હાજર રહ્યા હતાં.

## એંધલથી વિદેશી દારૂની ખેપ મારતા સુરતના ૪ પોલીસકર્મી ઝડપાયા

### વાહન ચેકિંગ કરી રહેલા LCB જવાનો પર હુમલો કરી ભાગવાનો પ્રયાસ કર્યો; ફિલ્મી ઢબે પીછો કરી ૫ હુમલાખોર ને દબોચી લેવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૮ :** ગુજરાતમાં કડક દારૂબંધીના કાયદાના અમલ વચ્ચે પોલીસ બેડાને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત શહેર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા ચાર પોલીસકર્મીઓ જ વિદેશી દારૂની ખેપ મારતા અને દારૂના નશામાં ચૂર હાલતમાં નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા છે. હદ તો ત્યારે થઈ જ્યારે આ ખાખી વર્દીધારીઓએ પોતાની જ ફરજ બજાવતા LCB પોલીસકર્મીઓ સાથે ગાળાગાળી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડી તથા ઢીકા-પાટુનો માર મારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે ફિલ્મી ઢબે નાકાબંધી કરી તમામને ઝડપી પાડ્યા છે. નવરાત્રી પર્વ નિમિત્તે પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર વોચ રાખવા માટે નવસારી એલ.સી.બી. પી.આઈ. વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમો વાહન ચેકિંગમાં હતી. શનિવાર રાત્રે મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર ગણદેવી નાં એંધલ ગામની સીમમાં ઓમકાર કિરાણા સ્ટોર સામે વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ જણાતી સફેદ રંગની સ્વિફ્ટ કાર (નંબર પ્લેટ પર APPLIED FOR REGISTRATION) ને રોકવામાં આવી હતી. કારની તલાશી લેતાં તેમાં વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. કારમાં સવાર યુવાનો પણ દારૂ પીધેલી હાલતમાં હતા. એલ.સી.બી.ના કોન્સ્ટેબલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરતાં જ કારમાં સવાર ખાખીધારીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરજ પરના કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરી લાકડી વડે ફટકારી ભાગી છૂટ્યા હતા. હુમલો કરી ફરાર થયેલી કારનો એલ.સી.બી. સ્ટાફે તુરંત પીછો કર્યો હતો અને આગળ વેસ્મા નાઝ હોટલ પાસે વાહન ચેકિંગમાં રહેલી બીજી ટીમને એલર્ટ કરી નાકાબંધી કરાવી હતી. પોલીસે ઘેરાબંધી કરી કારને આંતરી લઈ તમામ પાંચેય આરોપીઓને ઝડપી લીધા હતા. જેમાં અંકિતભાઈ કમુભાઈ દેવડા (પોલીસ કોન્સ્ટેબલ, રીઝિયન-૨ ટ્રાફિક, સુરત), પીન્ટુભાઈ સાજાભાઈ ડુંગાઈસા (પોલીસ કોન્સ્ટેબલ, રીઝિયન-૩ ટ્રાફિક, સુરત), દિતાભાઈ માવાભાઈ ચૌહાણ (પોલીસ કોન્સ્ટેબલ, રીઝિયન-૨ ટ્રાફિક, સુરત), રાહુલકુમાર બાબુભાઈ ધ્રાંગી (પોલીસ કોન્સ્ટેબલ, રીઝિયન-૨ ટ્રાફિક, સુરત) અને દેવરાજભાઈ ઠાકરેજી રબારી (હીરા ઘસવાનું કામ કરનાર, સુરત) ને દબોચી લીધા હતા. કારમાંથી રૂ.૩૫,૬૧૮ ની વિદેશી દારૂ બોટલો ૬૪, તેમજ રૂ.૫ લાખ ની સફેદ રંગની સ્વિફ્ટ ડિઝાયર કાર(GJ-08-DM-5254), રૂ.૨૫ હજારના પાંચ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૫,૬૦,૬૧૮નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને પોલીસ પર હુમલો, ફરજમાં રૂકાવટ, રાયોટિંગ તેમજ પ્રોહિબિશન એક્ટ, મોટર વ્હીકલ એક્ટ અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગણદેવી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. દારૂબંધી ધરાવતા ગુજરાતમાં ખુદ ખાખી વર્દી જ દારૂની તસ્કરીમાં સામેલ નીકળતાં સમગ્ર પોલીસ બેડા સહિત રાજ્યભરમાં ભારે ચકચાર મચી ગઈ છે. વધુ તપાસ ગણદેવી પીઆઈ એન આઈ રાઠોડ કરી રહ્યાં છે.



## મગોદ ડુંગરીમા આજે મત્સ્ય માતાજીનો મેળો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ તાલુકાના મુખ્ય મથક વલસાડથી માત્ર બાર કિલોમીટરના અંતરે કાંઠાળ પંથકના સમુદ્ર તટે મગોદ ડુંગરી ગામ વસેલું છે.ગામની પાદરે ટેકરી ઉપર મત્સ્ય માતાજીનું મંદિર આવેલું છે.જ્યા રમ્ય અને શાંત પ્રકૃતિનું વાતાવરણ હોય છે.ગામના શ્રદ્ધાળુ ભાવિક ભક્તોના હ્રદયકમલે આસ્થાનું પ્રતિક બનેલા અતિ પૌરાણિક અને લોકવાયકા સાથે સંકળાયેલા સમગ્ર ધાર્મિક મંદિરોથી અલગ તરી આવે છે.સમગ્ર કાંઠા વિસ્તારમા આ પ્રકારનું એક જ મંદિર છે.આ મત્સ્ય માતાજીનું મંદિર એક વિશેષ આર્કષણનું કેન્દ્ર છે. મંદિરનારું ગર્ભસ્થાનમા શ્રદ્ધા અને આસ્થાની દેવી મત્સ્ય માતાજી બિરાજમાન છે. કહેવાય છે આ મંદિરનું ઘણું સત છે અને સાગરખેડૂ માછીમારોને એમાં ભારે શ્રદ્ધા છે. આખા વરસ દરમ્યાન માછીમારી કરવા માટે વહાણ સાથે દરિયો ખેડવાનો હોય એ દરિયાઈ દોડાદોડીમા ઘણીવાર ભારે વાવાઝોડામા દરિયાઈ તોફાનમાં ફસાય ત્યારે આવી મુશીબતોમાંથી સહીસલામત નીકળવા માટે વહાણવટુઓ માતાજીને યાદ કરીને નૈવેદ્ય ચઢાવવાની માનતા રાખતા હોય છે.

મેળાઓ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું અભિન્ન અંગ છે જે આપણી પરંપરા અને વારસાનુ પ્રતિનિધિત્વ કરે છે.અહીં જુના વડવાઓથી ચાલતી આવતી પરંપરા મુજબ આસોસુદ આઠમે મેળો ભરાય છે. અહીં જિલ્લાભરમાંથી માનવ મહેરામણ માતાજીના દર્શન માટે ઉમટી પડે છે.આ વિસ્તારના ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓ આબાલવૃદ્ધ સહીત ભાવિકો શ્રદ્ધા અને આસ્થાની દેવી મત્સ્ય માતાજી પ્રત્યે કુતજ્ઞતા અદા કરી ધન્યતા અનુભવે છે. મંદિરના પટાગણમા ઘરૈયા અને મહિલાઓ ગરબે રમી મેળાના આનંદ માણતા હોય છે.

## વાપી ચાર રસ્તા પાસે અકસ્માત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ વિનંતીનાકા ચાર રસ્તા પાસે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. અહીં પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા ટાટા ડમ્પર (નંબર NL-06-AA-2700) ના ચાલક પ્રવિણભાઈ દેવુભાઈ ચૌધરીએ એક હીરો હોન્ડા બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક લક્ષ્મણભાઈ અને તેમની પાછળ બેસેલા સહકર્મી પ્રભાકરને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાસ્થળે લોહીલુહાણ હાલતમાં પડેલા બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વાપીની હરીયા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. લક્ષ્મણભાઈની સ્થિતિ વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે રેમ્બો હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અકસ્માત અંગે ભોગ બનનારના પુત્ર સુનિલભાઈ પાટીલે ડમ્પર ચાલક વિરુદ્ધ વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## આજે વાપીના મહાફલેશ્વર મંદિરે આઠમનો યજ્ઞ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી જીઆઈડીસીના થર્ડ ફેઝમાં કોચરવા-વડિયાવાડ ખાતે આવેલા શ્રી મહાફલેશ્વર મંદિરમાં નવરાત્રીના આઠમા દિવસે વિશેષ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મહાફલેશ્વર મંદિરના ટ્રસ્ટી તથા હરિ ઓમ મિત્ર મંડળના પ્રમુખ ધીરુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી યજ્ઞમાં આહુતિ અર્પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે ધીરુભાઈ પટેલ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી નવરાત્રીના આઠમા દિવસે આ વિશેષ યજ્ઞનું આયોજન કરવામાં આવે છે.

વર્ષોથી ચાલી આવતી આ ધાર્મિક પરંપરામાં શ્રદ્ધાળુઓ ઉત્સાહપૂર્વક જોડાઈને માતાજીની આરાધના કરે છે. યજ્ઞ દરમિયાન વિધિ-વિધાન સાથે આહુતિ અર્પણ કરી પરિવાર અને સમાજમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ તથા ખુશહાલી જળવાઈ રહે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. યજ્ઞના આયોજનને પગલે મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ છવાયું હતું.

## નાંદરખા ગામે ફરી કદાવર દીપડો પાંજરે પુરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૮ :** ગણદેવી તાલુકાના નાંદરખા ગામના વચલા ફળિયામાં રવિવાર વહેલી સવારે ચાર વર્ષ નો કદાવર દીપડો પાંજરે પુરાયો હતો. આજ સ્થળે ત્રણ સપ્તાહ અગાઉ પણ દીપડો પાંજરે પુરાયો હતો.

ગણદેવીનાં નાંદરખા ગામના વચલા ફળિયામાં વારંવાર દીપડો દેખાતો હોવાથી ગ્રામજનોની ચિંતાને ધ્યાને લઈ સરપંચ ચંદ્રકાન્ત પટેલ એ વન વિભાગને જાણ કરી હતી. ત્યારબાદ વન વિભાગે દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવ્યું હતું.દરમ્યાન ૧૯લી ઓક્ટોબર ગુરુવારે વહેલી સવારે એક દીપડો પાંજરે પુરાયો હતો. તે વેળા વધુ એક દીપડા એ પાંજરા બહાર ઉત્પાત મચાવ્યો હતો. જેને પગલે આજ સ્થળે ફરી પાંજરું ગોઠવવા ની નોબત આવી હતી. જેમાં ત્રણ સપ્તાહ રાહ જોવડાવવા બાદ રવિવાર વહેલી સવારે ૪ વર્ષ નો દીપડો પાંજરે પુરાયો હતો. જેને ગણદેવી વન વિભાગ ના અધિકારી ચેતન પટેલ, કિશોર પટેલ દ્વારા એંધલ વન ડેપો લઈ જવાયો હતો. દીપડાનું તબીબી પરીક્ષણ કરાવવામાં આવ્યું હતું. તબીબી તપાસ બાદ દીપડાને મોડી રાત્રે જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે છોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## ટ્રેન અડફેટે મૃત્યુ પામનાર બલીઠાના દેરાણી-જેઠાણીની એક સાથે અંતિમયાત્રા નીકળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી નજીક બલીઠા જકાતનાકા પાસે ગઈકાલે હૃદય કંપાવનારી દુર્ઘટના સર્જાઈ હતી. રેલવે ટ્રેક ઓળંગતી વખતે માલગાડીની અડફેટે આવી જતાં એક જ પરિવારની બે દેરાણી-જેઠાણીના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા.

મળતી માહિતી મુજબ, બલીઠા ડુંગરી ફળિયા વિસ્તારમાં રહેતા સગા ભાઈઓ નિલેશ અને નીતિન પટેલની પત્નીઓ ભાવના નીતિન પટેલ અને નેહા નિલેશ પટેલ વાપીના ચલા સ્થિત સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલમાં મધ્યાહ્ન ભોજન બનાવવાનું કામ કરતી હતી. બપોરે શાળા છૂટ્યા બાદ બંને ઘરે પરત ફરી રહી હતી ત્યારે જકાતનાકા પાસે ટ્રેક ક્રોસ કરતા અકસ્માત સર્જાયો હતો.

ઘટનાની જાણ થતા રેલવે પોલીસે બંને મૃતદેહોને ચલા સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડ્યા હતા. એક જ ઘરમાંથી બે અર્થીઓ નીકળતા અને માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવતા સમગ્ર બલીઠા વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે.

દમણગંગા ટાઈમ્સમાં
શ્રદ્ધાંજલિ અને બેસણું
તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ
નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો
ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫

| સાઈઝ | કિંમત |
|---|---|
| ૫ X ૨(૧૦ સીસી) | રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/- |


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**